અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.
DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.
==========

ઓરેલિઆનો ફર્નાન્ડિસ

વિરુદ્ધ

ગોવા રાજ્ય અને અન્ય

(સિવિલ અપીલ નં. ૨૪૮૨/૨૦૧૪)

૧૨ મે, ૨૦૨૩

[એ. એસ. બોપન્ના અને હિમા કોહલી, ન્યાયમૂર્તિઓ]

સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (વર્ગીકરણ, નિયંત્રણ અને અપીલ) નિયમો, ૧૯૬૫ – રુલ ૧૧(૯), રુલ ૧૪(૨) – સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ) નિયમો, ૧૯૬૪ – રુલ ૩-સી – કાર્યસ્થળ પર જાતીય સતામણીનો આક્ષેપ – કુદરતી ન્યાયના સિદ્ધાંતોની અવગણના – અપીલકર્તાની નિમણૂક સામાવાળા નં. ૨-ગોવા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી હતી – અપીલકર્તા પર કેટલીક વિદ્યાર્થિનીઓ દ્વારા જાતીય સતામણીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો –

અપીલકર્તાને તેમની સામે મૂકવામાં આવેલા આરોપોની સ્પષ્ટતા કરવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી – ત્યારબાદ મે ૨૦૦૯ ના મહિનામાં તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જ્યારે સમિતિ દ્વારા ૧૨ સુનાવણીઓ, જેમાંથી મોટાભાગની એક પછી એક તરત જ હાથ ધરવામાં આવી હતી – આરોગ્યના કારણોસર અપીલકર્તા હાજર રહી શક્યા નહોતા, જોકે, તેમણે સમય વધારવાની માંગણી કરી હતી, જે નકારી કાઢવામાં આવી હતી – કાર્યવાહી એકતરફી રીતે આગળ વધી અને અપીલકર્તા દ્વારા જાતીય સતામણી સ્થાપિત કરતો અહેવાલ રજૂ કર્યો – સમિતિએ તેમની સેવા સમાપ્ત કરવાની ભલામણ કરી – એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (ઇસી) એ સમિતિ દ્વારા રજૂ કરાયેલ અહેવાલ સ્વીકાર્યો અને અપીલકર્તાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા – ઇસીએ સીસીએસ (સીસીએ) નિયમોના રુલ ૧૪ હેઠળ તેમની સામે તપાસ ચલાવવાનો પ્રસ્તાવ મૂક્યો – જોકે, અપીલકર્તાને જાણ કરવામાં આવી હતી કે મેધા કોતવાલના કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમના સંદર્ભમાં, કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી નિવારણ માટેની ફરિયાદ સમિતિનો અહેવાલ સીસીએસ (સીસીએ) નિયમો હેઠળ તપાસ અહેવાલ ગણાશે જે સરકારી કર્મચારી સામે શિસ્તભંગના પગલાં શરૂ કરવા માટે શિસ્ત સત્તાધિકારી પર બંધનકર્તા રહેશે – શિસ્ત સત્તાધિકારીએ અપીલકર્તાને સેવામાંથી બરતરફ કર્યા – અપીલકર્તાએ હાઇકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરી, જે ફગાવી દેવામાં આવી – અપીલ પર, ઠેરવ્યું: એ એક સ્વીકૃત સ્થિતિ છે કે તપાસની કાર્યવાહી પ્રારંભિક તબક્કે જ રદબાતલ કરવામાં આવી હતી અને અગાઉ રજૂ કરાયેલા

સમિતિના અહેવાલ પર જ ઈસી દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી – સમિતિ પોતે જ તેની તપાસના કાર્યક્ષેત્ર અંગે અસ્પષ્ટ હતી, ત્યારે અપીલકર્તા સમિતિનું કાર્યક્ષેત્ર માત્ર હકીકત-શોધ પૂરતું જ મર્યાદિત હોવાની અને તે સેવા નિયમો હેઠળ વિચાર્યા મુજબની શિસ્ત સમિતિના કાર્યો કરી રહી ન હોવાની છાપ ધરાવતા હતા તે બદલ તેમને દોષી ઠેરવી શકાય નહીં – એ પણ નોંધનીય છે કે સીસીએસ (સીસીએ) નિયમો હેઠળ તપાસ પૂર્ણ કરવા માટે નિર્ધારિત સમયગાળો સામાન્ય રીતે નિમણૂકના આદેશની પ્રાપ્તિની તારીખથી છ મહિનાની અંદરનો છે – પ્રસ્તુત કેસમાં, સમગ્ર પ્રક્રિયા માત્ર ૩૯ દિવસમાં આટોપી લેવામાં આવી હતી – આ દર્શાવે છે કે સમિતિ પોતાનો અહેવાલ સુપરત કરવા માટે કેટલી ઉતાવળમાં હતી – તપાસને આખરી ઓપ આપવા માટે સમિતિ દ્વારા દર્શાવવામાં આવેલી અયોગ્ય ઉતાવળ, અપીલકર્તાના ન્યાયી સુનાવણીના અધિકારને ટૂંકાવી દેવાનું વાજબી ઠેરવી શકે નહીં – જ્યારે લેવાયેલા નિર્ણયની કાયદેસરતા પ્રક્રિયાના ન્યાયીપણા પર નિર્ભર હોય અને અપનાવવામાં આવેલી પ્રક્રિયા પોતે જ પ્રશ્નાસ્પદ બની જાય, ત્યારે પહોંચેલા નિર્ણય ન્યાયિક સમીક્ષા સામે ટકી શકે નહીં અને તેમાં હસ્તક્ષેપ માટે સંપૂર્ણપણે અવકાશ રહે છે – તપાસ ચલાવવા માટે સમિતિમાં નિહિત થયેલા વિવેકાધિકારનો કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરીને અયોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે – પરિણામે, અપીલકર્તાની સેવા સમાપ્ત કરવાના ઈસી દ્વારા લેવાયેલા નિર્ણયને સમર્થન આપતો વાદગ્રસ્ત ચુકાદો, જેને અપીલ સત્તાધિકારી દ્વારા યોગ્ય રીતે સમર્થન આપવામાં આવ્યું હતું, તે ટકી શકે નહીં.

ભારતનું સંવિધાન – અનુચ્છેદ ૩૦૯ – સેવાની શરતો – વ્યાપ – અનુચ્છેદ ૩૦૯ પોતે સરકારી કર્મચારીઓની ભરતી અથવા સેવાની શરતો માટે જોગવાઈ કરતો નથી, પરંતુ કાયદા ઘડવા માટે યોગ્ય ધારાસભાને અને આ બાબતો સંબંધિત નિયમો ઘડવા માટે રાષ્ટ્રપતિ અને રાજ્યના રાજ્યપાલને આ સત્તા પ્રદાન કરે છે – જોકે, અનુચ્છેદ ૩૧૧ હેઠળ સરકારી કર્મચારીને આપવામાં આવેલી ખાતરી આપતા અધિકારોનું ઉલ્લંઘન કરતો કોઈપણ કાયદો અથવા નિયમ શૂન્ય ગણાશે – તે જ રીતે, જો આવો કોઈ કાયદો અથવા નિયમ સંવિધાનના ભાગ-૩ હેઠળ ખાતરી આપેલા કોઈપણ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતો હોય તો તેને શૂન્ય ગણવામાં આવશે.

ભારતનું સંવિધાન – અનુચ્છેદ ૩૧૦ – રાજીખુશીનો સિદ્ધાંત – અનુચ્છેદ ૩૧૦ "રાજીખુશીનો સિદ્ધાંત" સમાવિષ્ટ કરે છે અને સરકારી કર્મચારીઓના સંદર્ભમાં, તે તેમની સેવાની મુદત સાથે સંબંધિત છે – સરકારી કર્મચારીઓનો પ્રારંભિક સંબંધ કરાર આધારિત હોઈ શકે છે, પરંતુ એકવાર હોદ્દા અથવા પદ પર નિમણૂક થયા પછી, તેઓ એક દરજ્જો પ્રાપ્ત કરે છે અને તેમના અધિકારો અને જવાબદારીઓ હવે બંને પક્ષકારોની સંમતિ દ્વારા નક્કી થતા નથી, પરંતુ તે કાયદા અથવા વૈધાનિક નિયમો દ્વારા શાસિત થાય છે.

ભારતનું સંવિધાન – અનુચ્છેદ ૩૧૧ – કુદરતી ન્યાયના સિદ્ધાંતનું પ્રગટીકરણ – સરકારી કર્મચારીઓને તેમની સેવાની મુદતની સુરક્ષાની ભાવના પ્રદાન કરવા માટે, સંવિધાનના ઘડવૈયાઓએ અનુચ્છેદ ૩૧૧ ના ક્લોઝ (૧)

અને (૨) માં જોગવાઈ કર્યા મુજબ તેમની શિક્ષા અથવા બરતરફી અથવા દૂર કરવા અથવા તેમના હોદ્દા પરથી ઉતારી દેવા ના સંબંધમાં સલામતીના પગલાં સમાવિષ્ટ કર્યા છે – તે જ સમયે, તેવા જ જાહેર હિત અને લોકકલ્યાણને ધ્યાનમાં રાખીને, જે ભ્રષ્ટ, અપ્રમાણિક અથવા બિનકાર્યક્ષમ જણાયેલા સરકારી કર્મચારીઓને સેવામાં ચાલુ રાખવાની મંજૂરી આપતું નથી, અનુચ્છેદ ૩૧૧ ના ક્લોઝ (૨) ના બીજા પરંતુક હેઠળ એક ઉપાય પૂરો પાડવામાં આવ્યો છે જે હેઠળ શિસ્તભંગની તપાસ ચલાવ્યા વિના તેમની સેવાઓ સમાપ્ત કરી શકાય છે.

ભારતનું સંવિધાન – અનુચ્છેદ ૧૪ – કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો પાયો – કુદરતી ન્યાયના સિદ્ધાંતો જે અનુચ્છેદ ૩૧૧ માં પ્રતિબિંબિત થાય છે, તે કોઈ નિરર્થક મંત્રોચ્ચાર નથી – તે અનુચ્છેદ ૧૪ નો મૂળ પાયો રચે છે અને આ સિદ્ધાંતોનું કોઈપણ ઉલ્લંઘન સંવિધાનના અનુચ્છેદ ૧૪ ના ઉલ્લંઘન સમાન છે – જાહેર કર્મચારીને કુદરતી ન્યાયના સિદ્ધાંતોથી વંચિત રાખવાથી મનસ્વીતાના દોષથી અસરગ્રસ્ત હોવાના આધારે લેવાયેલો નિર્ણય અમાન્ય થઈ શકે છે અને તેના પરિણામે જાહેર કર્મચારી કાયદાના સમાન રક્ષણથી વંચિત રહે છે.

સિદ્ધાંતો/ડોક્ટ્રીન – કુદરતી ન્યાયનો સિદ્ધાંત – બે મુખ્ય આધારસ્તંભો : નેમો જુડેક્સ ઇન કોઝા સુઆ અને ઑડી અલ્ટરમ પાર્ટમ – ન્યાયિક પ્રક્રિયામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો જેના પર ટકેલા છે તે બે મુખ્ય આધારસ્તંભો, ભલે તે પ્રકૃતિમાં અર્ધ-ન્યાયિક હોય કે વહીવટી હોય, તે નેમો જુડેક્સ ઇન કોઝા સુઆ છે, એટલે કે, કોઈપણ વ્યક્તિ પોતાના કેસમાં પોતે ન્યાયાધીશ હોઈ શકે નહીં કારણ

કે ન્યાય માત્ર થવો જ જોઈએ એટલું જ નહીં, પરંતુ સ્પષ્ટપણે થતો દેખાવો પણ જોઈએ અને ઑડી અલ્ટરમ પાર્ટમ, એટલે કે ન્યાયિક, અર્ધ-ન્યાયિક અથવા વહીવટી પગલાંથી પ્રભાવિત વ્યક્તિને કોઈપણ નિર્ણય લેવામાં આવે તે પહેલાં સાંભળવાની તક આપવી જોઈએ.

ન્યાયતંત્રનો વહીવટ – સેવા ન્યાયશાસ્ત્રમાં ન્યાયી કાર્યવાહી અને નિષ્પક્ષતા – કોઈ વૈધાનિક સત્તાધિકારી સંવિધાનમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરશે નહીં તેવી પૂર્વધારણા પર કોર્ટો ઉપરોક્ત કુદરતી ન્યાયના સિદ્ધાંતો સાથે સુસંગત રહીને વૈધાનિક જોગવાઈઓનું અર્થઘટન કરે છે – વધુમાં જ્યારે ન્યાયિક અને અર્ધ-ન્યાયિક કાર્યો બજાવવાની અપેક્ષા ધરાવતા સત્તાધિકારીઓની વાત આવે છે, ત્યારે ઑડી અલ્ટરમ પાર્ટમનો નિયમ સમાન બળ સાથે લાગુ પડે છે – વાજબીપણું એ કાર્યવાહીની બાબતોમાં જીવનરૂપી પ્રાણ પૂરે છે, પછી ભલે તે નોટિસના ઘટકો હોય, નોટિસની સામગ્રી હોય, તપાસનો વ્યાપ હોય, ઉપલબ્ધ સામગ્રી હોય કે આવી સામગ્રીનું ખંડન કરવાની પૂરતી તક હોય અને આ બધું કોઈપણ તબક્કે ન્યાયની નિષ્ફળતાને ટાળવા માટે છે.

સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ નિયમો (ક્લાસિફિકેશન, કંટ્રોલ એન્ડ અપીલ), ૧૯૬૫ – રુલ ૧૪ – શબ્દપ્રયોગ "જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી" – "જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી" શબ્દપ્રયોગનો ઉપયોગ ફરિયાદ સમિતિને કુદરતી ન્યાયના સિદ્ધાંતો સાથે સમાધાન કર્યા વિના, કાર્યસ્થળ પર જાતીય

સતામણી જેવી સંવેદનશીલ બાબતમાં તપાસ હાથ ધરવા માટે શક્ય અને પરિવર્તનક્ષમ હોય તેવી યોગ્ય પ્રક્રિયા અપનાવવા માટે ઉપલબ્ધ લવચીકતા સૂચવે છે.

ન્યાયતંત્રનો વહીવટ – સેવા બાબતોમાં કાર્યપદ્ધતિ વ્યવસ્થામાં વાજબીપણું – જે મુખ્ય સિદ્ધાંત ધ્યાનમાં રાખવો જરૂરી છે તે એ છે કે ગેરવર્તણૂકનો આરોપ ધરાવતી વ્યક્તિને કેસની જાણ કરવી જોઈએ, તેના સમર્થનમાં પુરાવા પૂરા પાડવા જોઈએ અને કોઈપણ પ્રતિકૂળ નિર્ણય લેવામાં આવે તે પહેલાં તેનું વલણ રજૂ કરવાની વાજબી તક આપવી જોઈએ – તે જ રીતે, સંબંધિત નોકરીદાતા પાસેથી પણ ન્યાયી રીતે વર્તવાની અને ન્યાયી, વાજબી અને યોગ્ય પ્રક્રિયા અપનાવવાની અપેક્ષા રાખવામાં આવે છે – સમગ્ર ઉદ્દેશ્ય કાર્યપદ્ધતિની વ્યવસ્થામાં વાજબીપણાનો સંચાર કરવાનો છે પરંતુ, વાજબીપણાની કસોટી અમૂર્ત હોઈ શકે નહીં – તે વ્યવહારુ અને કેસના તથ્યો અને સંજોગોની વાસ્તવિકતાઓ પર આધારિત હોવી જોઈએ.

કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ, ૨૦૧૩ – દેશભરની કામકાજી મહિલાઓને પોશ એક્ટ જે વચન આપે છે તે પૂર્ણ કરવા માટે – યોગ્ય નિર્દેશો જારી કરવામાં આવ્યા.

અપીલ મંજૂર કરતાં અને નિર્દેશો જારી કરતાં, કોર્ટે ઠેરવેલ કે—

૧. અપીલકર્તાની એવી દલીલ કે સમિતિ તેની તપાસના કાર્યક્ષેત્રને 'હકીકત-શોધ કાર્યવાહી' તરીકે સમજતી હતી, તે અપીલકર્તાને સંબોધિત તારીખ ૧૭ માર્ચ ૨૦૦૯ અને ૨૦ એપ્રિલ ૨૦૦૯ ના પત્રોની વિગતો પરથી જાણી શકાય છે. સમિતિ દ્વારા રાખવામાં આવેલી એવી છાપ કે તેણે માત્ર યુનિવર્સિટીને હકીકત-શોધ અહેવાલ સુપરત કરવાનો હતો, તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (ઈસી) માટે પણ અલગ ન હતી, જે ઈસીના અધ્યક્ષ દ્વારા જારી કરાયેલ તારીખ ૮ સપ્ટેમ્બર ૨૦૦૯ ના મેમોરેન્ડમના વાંચન પરથી સાબિત થાય છે, જેમણે સમિતિનો અહેવાલ પ્રાપ્ત કર્યા પછી, અપીલકર્તાને જાણ કરી હતી કે તેમની સામે સીસીએસ (સીસીએ) નિયમોના રુલ ૧૪ હેઠળ તપાસ ચલાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ પ્રથમ વખત હતું જ્યારે સામાવાળાઓએ અપીલકર્તાને જાણ કરી હતી કે ઈસીએ આરોપોના આર્ટિકલ્સનું નિવેદન, આરોપના પ્રત્યેક આર્ટિકલના સમર્થનમાં ગેરવર્તણૂકના આરોપો અને અન્ય દસ્તાવેજો તૈયાર કરવાના નિયમો હેઠળ નિર્ધારિત પ્રક્રિયાને અનુસરવાનું નક્કી કર્યું હતું અને અપીલકર્તાને બચાવમાં પોતાનો જવાબ રજૂ કરવા માટે સમય આપ્યો હતો. અપીલકર્તાએ જવાબ રજૂ કર્યો હતો. પરંતુ એ એક સ્વીકૃત સ્થિતિ છે કે સદર તપાસની કાર્યવાહી પ્રારંભિક તબક્કે જ રદબાતલ કરવામાં આવી હતી અને તે અગાઉ સુપરત કરાયેલા સમિતિના અહેવાલ પર જ ઈસી દ્વારા તારીખ ૨૮ જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ લેવાયેલા નિર્ણય મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે સમિતિ પોતે જ તેની તપાસના કાર્યક્ષેત્ર અંગે અસ્પષ્ટ હતી, ત્યારે અપીલકર્તા સમિતિનું કાર્યક્ષેત્ર માત્ર હકીકત શોધવા પૂરતું જ મર્યાદિત હતું અને

તે સેવા નિયમો હેઠળ વિચાર્યા મુજબ શિસ્ત સમિતિના કાર્યો કરી રહી ન હતી તેવી છાપ ધરાવતા હતા તે માટે તેમને દોષી ઠેરવી શકાય નહીં. [પેરા ૬૧][૮૧૭-ઈ-એચ; ૮૧૮-એ]

૨. એ પણ નોંધનીય છે કે સીસીએસ (સીસીએ) નિયમો હેઠળ તપાસ પૂર્ણ કરવા માટે નિર્ધારિત સમયગાળો સામાન્ય રીતે નિમણૂકના આદેશની પ્રાપ્તિની તારીખથી છ મહિનાની અંદરનો છે. પરંતુ, અહીં સમગ્ર પ્રક્રિયા માત્ર ૩૯ દિવસમાં આટોપી લેવામાં આવી હતી. આ દર્શાવે છે કે સમિતિ પોતાનો અહેવાલ સુપરત કરવા માટે કેટલી ભારે ઉતાવળમાં હતી. કાર્યવાહી પૂર્ણ કરવાની અતિશય ઉતાવળનું આવું જ એક સ્પષ્ટ ઉદાહરણ સમિતિ દ્વારા અપીલકર્તાને સંબોધવામાં આવેલા તારીખ ૫ મે ૨૦૦૯ ના પત્ર પરથી સ્પષ્ટ થાય છે જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે તેમનો જવાબ દાખલ કરવાની અને વધુ જુબાનીઓ નોંધવાની આગામી તારીખ ૧૨ જૂન ૨૦૦૯ હતી. આશ્ચર્યજનક રીતે, બીજા જ દિવસે, સમિતિએ અગાઉના પત્રમાં ભૂલ થઈ હોવાનો દાવો કરીને સદર તારીખો આગળ લાવીને વધુ એક પત્ર જારી કર્યો હતો અને અપીલકર્તાને જાણ કરી હતી કે તેમનો જવાબ દાખલ કરવાની તારીખ '૧૨ મે ૨૦૦૯' અને વધુ જુબાનીઓ નોંધવાની તારીખ '૧૪ મે, ૨૦૦૯' વાંચવી, આમ તારીખો પૂરેપૂરો એક મહિનો પાછળ ખસેડી દેવામાં આવી હતી. સમિતિ દ્વારા દર્શાવવામાં આવેલી ઉતાવળ અને દોડધામનું બીજું ચોંકાવનારું ઉદાહરણ એ હકીકત પરથી મેળવી શકાય છે કે ૨૦ મે ૨૦૦૯ ના રોજ સમિતિએ અપીલકર્તાને પત્ર લખીને તેમને માત્ર

પોતાની જુબાની પૂર્ણ કરવા માટે જ નહીં પરંતુ ફરિયાદકર્તાઓ અને અન્ય સાક્ષીઓની ઉલટતપાસ કરવા માટે પણ ૨૦ મે ૨૦૦૯ ના રોજ હાજર રહેવાની છેલ્લી તક આપી હતી. તે જ સમયે, સમિતિએ અપીલકર્તાને વધુ છ જુબાનીઓ મોકલી આપી હતી અને તેમને ૪૮ કલાકની અંદર એટલે કે ૨૨ મે, ૨૦૦૯ સુધીમાં પોતાનો જવાબ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. [પેરા ૬૩][૮૧૮-ઈ-એચ; ૮૧૯-એ]

૩. તપાસને સમાપ્ત કરવા માટે સમિતિ દ્વારા દર્શાવવામાં આવેલી અયોગ્ય ઉતાવળ, અપીલકર્તાના ન્યાયી સુનાવણીના અધિકારને ટૂંકાવી દેવાનું વાજબી ઠેરવી શકે નહીં. સમિતિએ જે રીતે તપાસ કાર્યવાહી હાથ ધરી હતી તેના કારણે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું એક મહત્વપૂર્ણ પાસું એવી કાયદાકીય યોગ્ય પ્રક્રિયા સાથે ગંભીર સમાધાન થયું હતું. ઉપર નોંધ્યા મુજબ, જ્યારે પ્રસ્તુત અપીલની વિષયવસ્તુ સમી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, ત્યારે પોશ એક્ટ અસ્તિત્વમાં ન હતો અને તે ક્ષેત્ર વિશાખા માર્ગદર્શિકા દ્વારા સંચાલિત હતું. સદર માર્ગદર્શિકાએ પણ કાર્યપદ્ધતિનું પાલન કરવામાં કુદરતી ન્યાય અને યોગ્ય વ્યવહારના સિદ્ધાંતોના અમલને બાકાત રાખ્યો ન હતો. આ બાબત પર માર્ગદર્શિકાનું મૌન, સમિતિને કુદરતી ન્યાયના સિદ્ધાંતોને બાયપાસ કરવાનું અને અપીલકર્તાને ન્યાયી સુનાવણી પૂરી પાડવાની વાજબી તકને ઘટાડી દેવાનું કોઈ સાધન પૂરું પાડી શક્યું ન હોત. આ કોર્ટે વારંવાર અવલોકન કર્યું છે કે નિયમો મૌન હોય ત્યારે પણ તેમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ગર્ભિત ગણવા જ જોઈએ.

ભોગ બનેલી વ્યક્તિઓ/ફરિયાદકર્તાઓ પ્રત્યે ન્યાયી બનવાની અને ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવાની અતિશય ચિંતામાં, સમિતિ આખરે અપીલકર્તા પ્રત્યે અત્યંત અન્યાયી બની ગઈ છે. તેણે એ મૂળભૂત સિદ્ધાંતને સંપૂર્ણપણે અવગણી દીધો છે કે ન્યાય માત્ર થવો જ જોઈએ એટલું જ નહીં પરંતુ સ્પષ્ટપણે થતો દેખાવો પણ જોઈએ. ઑડી અલ્ટરમ પાર્ટમના સિદ્ધાંતોને આ બેપરવાહ રીતે નેવે મૂકી શકાય નહીં. [પેરા ૬૫][૮૧૯-ડી-જી]

૪. જ્યારે નોકરીદાતા પોતે જ સમિતિના કાર્યક્ષેત્રથી અજાણ હતા અને સમિતિ પોતાની કાર્યવાહીને હકીકત-શોધ પ્રકૃતિની ગણાવીને તે જ છાપ હેઠળ રહી હતી, ત્યારે પ્રથમ સમિતિનો અહેવાલ મળતાં સામાવાળાઓ માટે આગળનું પગલું ભરતાં પહેલાં થોભવું અને કાનૂની સ્થિતિની ચકાસણી કરવી વધુ અનિવાર્ય બની ગયું હતું. આ બધી ઉલટસુલટ પરિસ્થિતિમાં, કાર્યસ્થળ પર જાતીય સતામણીની તપાસ કરવા માટે રુલ ૧૪ હેઠળ નિર્ધારિત પ્રક્રિયા જ ઝડપી નિકાલના વેદી પર બલિ ચડી ગઈ હતી, જેને ન તો વાજબી ઠેરવી શકાય કે ન તો સ્વીકારી શકાય. સીસીએસ (સીસીએ) નિયમોના રુલ ૧૪(૨) અને સીસીએસ (કન્ડક્ટ) નિયમોના રુલ ૩-સી માં દાખલ કરાયેલ પરંતુકનો હેતુ અને આશય એ છે કે જાતીય સતામણીની ફરિયાદની તપાસ કરવા માટે અપનાવવામાં આવનારી પ્રક્રિયા, જે નિયમો હેઠળ મોટી શિક્ષા લાદવા તરફ દોરી શકે છે, તે ન્યાયી, નિષ્પક્ષ અને નિયમોને અનુરૂપ હોવી જોઈએ. નોંધપાત્ર રીતે, ફરિયાદ સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન કુદરતી ન્યાયના

સિદ્ધાંતોનું પાલન કરવાનો ભાર ત્યારબાદ ઘડવામાં આવેલા ૨૦૧૩ ના નિયમોના રુલ ૭(૪) માં સ્પષ્ટપણે ઉલ્લેખ પામ્યો છે. પરંતુ યોગ્ય પ્રક્રિયા પાછળની ભાવના કાયદા કે નિયમોની ગેરહાજરીમાં પણ ક્યારેય દબાવી કે અવગણી શકાતી નથી, કારણ કે કુદરતી ન્યાયના સિદ્ધાંતો એ નિર્ણય લેવાની પ્રક્રિયાનો મૂળ આત્મા છે અને તેને દરેક ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક કાર્યવાહીમાં ગર્ભિત ગણવા જ જોઈએ. [પેરા ૬૭, ૬૮][૮૨૦-ડી-જી]

૫. આનો અર્થ એવો નથી કે સમિતિ, મેધા કોતવાલના કેસના ચુકાદાને આધારે તપાસ સત્તાધિકારી તરીકે વર્ણવવામાં આવી હોવા છતાં અને રુલ ૧૪ હેઠળ નિર્ધારિત પ્રક્રિયાને અનુસરવા માટે બંધાયેલી હોવા છતાં, તે પૂર્ણ સુનાવણી ચલાવતી હોય તે રીતે તપાસ હાથ ધરવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. રુલ ૧૪(૨) ના પરંતુકમાં વપરાયેલ શબ્દપ્રયોગ, 'જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી' ને વ્યવહારિક રીતે વાંચવો અને સમજવો પડશે. શિસ્ત સત્તાધિકારી દ્વારા શરૂ કરવામાં આવેલી આવી કોઈપણ કાર્યવાહીમાં, જાતીય સતામણીની ભોગ બનનાર વ્યક્તિના અધિકારો અને કસૂરવાર કર્મચારીના અધિકારો વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું પડશે. તે જ સમયે, બંને પક્ષોના હિતમાં પ્રક્રિયામાં વાજબીપણું આવશ્યકપણે અપનાવવું પડશે. આખરે, જે નિયમ એક પક્ષકારને લાગુ પડે છે તે જ સમાન નિયમ સામાપક્ષકારને પણ લાગુ પડે છે. [પેરા ૬૯] [૮૨૦-એચ; ૮૨૧-એ-બી]

૬. વાસ્તવમાં, તપાસ કાર્યવાહીમાં સ્પષ્ટ ખામીઓ અને પ્રક્રિયાગત ભૂલો ત્યારપછી જ, મે, ૨૦૦૯ ના મહિનામાં બની હતી, જ્યારે સમિતિ દ્વારા વીજળીક ઝડપે ૧૨ સુનાવણીઓ, જેમાંથી મોટાભાગની એક પછી એક સતત હતી, તે હાથ ધરવામાં આવી હતી. એક તરફ, સમિતિ અપીલકર્તાને પાછળથી મળેલા કેટલાક વધુ ફરિયાદીઓના અને અન્ય સાક્ષીઓના નિવેદનો મોકલતી રહી અને તેમને પોતાનો જવાબ રજૂ કરવા જણાવતી રહી અને બીજી તરફ, તેણે તેમને માત્ર એક સપ્તાહના ગાળામાં સદર ફરિયાદીઓ અને સાક્ષીઓની ઉલટતપાસ કરવા તેમજ પોતાનું વધુ નિવેદન નોંધાવવા માટે તૈયાર થઈને આવવા નિર્દેશ આપ્યો. અપીલકર્તા દ્વારા લેવામાં આવેલા તબીબી કારણો શંકાસ્પદ જણાતા હોય તો પણ, સમિતિએ તેમને પોતાનો બચાવ તૈયાર કરવા માટે વાજબી સમય આપવો જોઈતો હતો, ખાસ કરીને જ્યારે વકીલ મારફતે પ્રતિનિધિત્વ કરવાની તેમની વિનંતી અગાઉ જ નકારી કાઢવામાં આવી હતી. આ બધી અયોગ્ય ઉતાવળ હતી જેના કારણે સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ કાર્યવાહી ટૂંકાવી દેવામાં આવી અને પ્રક્રિયાની વાજબીતાને જ નુકસાન પહોંચ્યું. [પેરા ૭૧][૮૨૧-ઈ-એચ]

૭. ઉપરોક્ત કારણોસર, અપીલકર્તા આ પ્રક્રિયા અને તેના પરિણામ પર પ્રશ્ન ઉઠાવવા માટે દોષિત ઠરી શકે નહીં. એમાં કોઈ શંકા નથી કે આ પ્રકારની બાબતો સંવેદનશીલ હોય છે અને તેને કાળજીપૂર્વક હાથ ધરવી પડે છે. સામાવાળાઓને અપીલકર્તા સામે જાતીય સતામણીના ગંભીર આક્ષેપો કરતી વિદ્યાર્થીનીઓ પાસેથી સત્તર જેટલી ફરિયાદો મળી હતી. પરંતુ તે હાથ ધરવાની

જરૂરી તપાસની પ્રક્રિયાગત વાજબીતાને સંપૂર્ણપણે અવગણવાનું કોઈ કારણ બની શકે નહીં, ખાસ કરીને જ્યારે તપાસ મોટી શિક્ષા લાદવાની કાર્યવાહી તરફ દોરી શકે તેમ હોય. જ્યારે લેવાયેલા નિર્ણયની કાયદેસરતા પ્રક્રિયાની ન્યાયીપણા પર આધારિત હોય અને અપનાવવામાં આવેલી પ્રક્રિયા પોતે જ પ્રશ્નાસ્પદ બની જાય, ત્યારે પહોંચેલા નિર્ણય ન્યાયિક સમીક્ષા સામે ટકી શકતો નથી અને તેમાં હસ્તક્ષેપ માટે સંપૂર્ણપણે ખુલ્લો રહે છે. એ અમથું નથી કહેવાતું કે માત્ર એક ન્યાયી પ્રક્રિયા જ ન્યાયી પરિણામની ખાતરી આપી શકે છે. આ કેસમાં, જાતીય સતામણીની ભોગ બનેલી વ્યક્તિઓ પ્રત્યે ન્યાયી બનવાની સમિતિની અતિશય ઉતાવળે, પરિણામે તેમને વધુ મોટું નુકસાન પહોંચાડ્યું છે. [પેરા ૭૨][૮૨૨-એ-સી]

૮. તેથી, આ અદાલતનો એવો અભિપ્રાય છે કે મે, ૨૦૦૯ ના મહિનાથી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી સંબંધિત નિયમોમાં નિર્ધારિત "જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી" ના ધોરણ કરતાં ઓછી સાબિત થઈ છે. તપાસ ચલાવવા માટે સમિતિમાં નિહિત થયેલા વિવેકાધિકારનો કુદરતી ન્યાયના સિદ્ધાંતોની અવગણના કરીને અયોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. પરિણામે, અપીલકર્તાની સેવા સમાપ્ત કરવાના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા લેવાયેલા નિર્ણયને યોગ્ય રીતે સમર્થન આપતો વાદગ્રસ્ત ચુકાદો ટકી શકે નહીં અને તે મુજબ નીચેના નિર્દેશો સાથે રદબાતલ અને બાજુ પર રાખવામાં આવે છે: (૧) આ બાબત તારીખ ૫ મે ૨૦૦૯ ના રોજ જે સ્થિતિમાં હતી તે સ્થિતિમાંથી

તપાસ કાર્યવાહી ફરી હાથ ધરવા માટે ફરિયાદ સમિતિને પરત મોકલવામાં આવે છે; (૨) સમિતિ અપીલકર્તાને પોતાનો બચાવ કરવાની પૂરતી તક આપશે; (૩) અપીલકર્તા કાર્યવાહી મોકૂફ રાખવાની કોઈ માંગણી કરશે નહીં; (૪) યોગ્ય આદેશો માટે સમિતિ દ્વારા શિસ્ત સત્તાધિકારીને અહેવાલ સુપરત કરવામાં આવશે; (૫) સમયનો લાંબો ગાળો વીતી ગયો હોવાનું ધ્યાને લઈને, સામાવાળાઓને સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી સુનાવણીની પ્રથમ તારીખથી ત્રણ મહિનાની અંદર સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે; (૬) સમિતિ અને શિસ્ત સત્તાધિકારી દ્વારા અનુસરવામાં આવનારી પ્રક્રિયા કુદરતી ન્યાયના સિદ્ધાંતો દ્વારા સંચાલિત રહેશે; (૭) લાગુ કરાયેલા નિયમો તે સમયગાળે જે લાગુ હતા તે મુજબના રહેશે; (૮) સમિતિ અને શિસ્ત સત્તાધિકારી દ્વારા લેવાયેલો નિર્ણય સંપૂર્ણપણે ગુણદોષના આધારે અને કાયદા અનુસાર રહેશે; (૯) જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય અને શિસ્ત સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી અપીલકર્તા તાત્કાલિક પુનઃસ્થાપના અથવા પાછલા પગારનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. [પેરા ૭૩][૮૨૨-ડી-એચ; ૮૨૩-એ-બી]

મેનકા ગાંધી વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય (૧૯૭૮) ૧ એસ.સી.સી. ૨૪૮ : [૧૯૭૮] ૨ એસ.સી.આર. ૬૨૧; રુસ્તમ કાવસજી કૂપર વિરુદ્ધ ભારત સંઘ (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮ : [૧૯૭૦] ૩ એસ.સી.આર. ૫૩૦; દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરુદ્ધ ડી.ટી.સી. મઝદૂર કોંગ્રેસ અને અન્ય (૧૯૯૧)

સપ્લીમેન્ટ્રી (૧) એસ.સી.સી. ૬૦૦ : [૧૯૯૦] ૧ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૧૪૨; ભારત સંઘ અને અન્ય વિરુદ્ધ તુલસીરામ પટેલ (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮ : [૧૯૮૫] ૨ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૧૩૧ – અનુસરવામાં આવ્યા.

મેધા કોતવાલ લેલે વિરુદ્ધ ભારત સંઘ (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૨૯૭ : [૨૦૧૨] ૯ એસ.સી.આર. ૮૯૫; હીરા નાથ મિશ્રા અને અન્ય વિરુદ્ધ પ્રિન્સિપાલ, રાજેન્દ્ર મેડિકલ કોલેજ, રાંચી અને અન્ય (૧૯૭૩) ૧ એસ.સી.સી. ૮૦૫; પી.ડી. અગ્રવાલ વિરુદ્ધ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૦૬) ૮ એસ.સી.સી. ૭૭૬ : [૨૦૦૬] ૧ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૪૫૪; વિશાખા અને અન્ય વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય અને અન્ય (૧૯૯૭) ૬ એસ.સી.સી. ૨૪૧ : [૧૯૯૭] ૩ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૪૦૪; એ.કે. ગોપાલન વિરુદ્ધ મદ્રાસ રાજ્ય (૧૯૫૦) એસ.સી.સી. ૨૨૮; માધ્યમમ બ્રોડકાસ્ટિંગ લિમિટેડ વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય (૨૦૨૩) એસ.સી.સી. ઓનલાઇન ૩૬૬; એ.કે. ક્રેપાક અને અન્ય વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૨૬૨ : [૧૯૭૦] ૧ એસ.સી.આર. ૪૫૭; ઇન રી: એચ.કે. (ઓલ ઈન્ફન્ટ) (૧૯૬૭) ૧ ઓલ ઇ.આર. ૨૨૬; માંગીલાલ વિરુદ્ધ એમ.પી. રાજ્ય (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૪૪૭ : [૨૦૦૪] ૧ એસ.સી.આર. ૧; ભારત સંઘ વિરુદ્ધ કર્નલ જે.એન. સિંહા અને અન્ય (૧૯૭૦) ૨ એસ.સી.સી. ૪૫૮ : [૧૯૭૧] ૧ એસ.સી.આર. ૭૯૧; સ્વદેશી કોટન મિલ્સ વિરુદ્ધ ભારત સંઘ (૧૯૮૧) ૧ એસ.સી.સી. ૬૬૪ : [૧૯૮૧] ૨ એસ.સી.આર. ૫૩૩; મેધા કોતવાલ લેલે અને અન્ય વિરુદ્ધ ભારત

સંઘ અને અન્ય (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૩૧૧; ડૉ. વિજયકુમારન સી.પી.વી. વિરુદ્ધ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ કેરળ અને અન્ય, (૨૦૨૦) ૧૨ એસ.સી.સી. ૪૨૬ : [૨૦૨૦] ૩ એસ.સી.આર. ૩૭૪ – આધાર રાખવામાં આવ્યા.

સંદીપ ખુરાના વિરુદ્ધ દિલ્હી ટ્રાન્સકો લિ. અને અન્ય આઇ.એલ.આર. ૨૦૦૬ (૧૧) દિલ્હી ૧૩૧૩; પ્રોફેસર ગિરિધર મદ્રાસ વિરુદ્ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ પ્રતિનિધિત્વ ચેરમેન અને અન્ય દ્વારા (૨૦૧૯) એસ.સી.સી. ઓનલાઇન કર્ણાટક ૩૫૦૮; અવિનાશ મિશ્રા વિરુદ્ધ ભારત સંઘ ૨૦૧૪ એસ.સી.સી. ઓનલાઇન દિલ્હી ૧૮૫૬ – સંદર્ભ લેવામાં આવ્યા.

ચુકાદા સંદર્ભ

[૨૦૧૨] ૯ એસ.સી.આર. ૮૯૫	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૫
[૧૯૮૫] ૨ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૧૩૧	અનુસરવામાં આવ્યો	પેરા ૨૧
(૧૯૭૩) ૧ એસ.સી.સી. ૮૦૫	આધાર રાખવામાં આવ્યો	પેરા ૨૫
[૨૦૦૬] ૧ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૪૫૪	આધાર રાખવામાં આવ્યો	પેરા ૨૫
[૧૯૯૭] ૩ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૪૦૪	આધાર રાખવામાં આવ્યો	પેરા ૨૬

[૧૯૭૮] ૨ એસ.સી.આર. ૬૨૧	અનુસરવામાં આવ્યો	પેરા ૩૭
[૧૯૭૦] ૩ એસ.સી.આર. ૫૩૦	અનુસરવામાં આવ્યો	પેરા ૩૮
(૧૯૫૦) એસ.સી.સી. ૨૨૮	આધાર રાખવામાં આવ્યો	પેરા ૩૮
[૧૯૯૦] ૧ સપ્લીમેન્ટ્રી એસ.સી.આર. ૧૪૨	અનુસરવામાં આવ્યો	પેરા ૩૯
[૧૯૭૦] ૧ એસ.સી.આર. ૪૫૭	આધાર રાખવામાં આવ્યો	પેરા ૪૧
[૨૦૦૪] ૧ એસ.સી.આર. ૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૪૨
[૧૯૭૧] ૧ એસ.સી.આર. ૭૯૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૪૩
[૧૯૮૧] ૨ એસ.સી.આર. ૫૩૩	આધાર રાખવામાં આવ્યો	પેરા ૪૪
(૨૦૧૩) ૧ એસ.સી.સી. ૩૧૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૪૯
[૨૦૨૦] ૩ એસ.સી.આર. ૩૭૪	આધાર રાખવામાં આવ્યો	પેરા ૫૭

દીવાની અપીલ હકૂમત: સિવિલ અપીલ નં. ૨૪૮૨/૨૦૧૪.

ગોવા ખાતેની બોમ્બે હાઇકોર્ટ દ્વારા ડબલ્યુ.પી. નં. ૬૦૨/૨૦૧૧ માં પસાર કરાયેલા તારીખ ૧૫.૦૩.૨૦૧૨ ના ચુકાદા અને હુકમ સામે.

વિશ્વજીત ભટ્ટાચાર્ય, વરિષ્ઠ વકીલ, અતુલ ઝા, પ્રજ્ઞાન પ્રદીપ શર્મા, સૂર્ય નારાયણ પાત્રો, એન. બી. વી. શ્રીનિવાસ રેડ્ડી, પ્રિયંકો અંજન ગોગોઈ, પી. વી. યોગેશ્વરન, અપીલકર્તા તરફથી વકીલો.

સુશ્રી રુચિરા ગુપ્તા, શિશિર દેશપાંડે, સુશ્રી ઉર્વી કપૂર, દીપ નારાયણ સરકાર, સામાવાળાઓ તરફથી વકીલો.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ હિમા કોહલી દ્વારા આપવામાં આવેલ :

અ નુ ક્ર મ ણિ કા*

એ. અપીલનો વ્યાપ	**૧**
બી. ઘટનાઓનો ક્રમ	**૧-૮**
(એ) પ્રથમ સમિતિ સમક્ષની કાર્યવાહી	૧-૬
(બી) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષની કાર્યવાહી	૬-૮
સી. શિસ્ત સત્તાધિકારી અને એપેલેટ સત્તાધિકારીનો નિર્ણય	**૮-૯**
ડી. હાઇકોર્ટનો નિર્ણય	**૯-૧૦**
ઈ. પક્ષકારોના વકીલો દ્વારા કરવામાં આવેલી દલીલો	**૧૦-૧૬**
(એ) અપીલકર્તાના વકીલ	૧૦-૧૨
(બી) સામાવાળા નં. ૨ અને ૩ ના વકીલ	૧૨-૧૬
એફ. ત્રિપુટી : ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯, ૩૧૦ અને ૩૧૧	**૧૬-૧૯**
(એ) અનુચ્છેદ ૩૦૯: સેવાની શરતો	૧૭
(બી) અનુચ્છેદ ૩૧૦: મરજીનો સિદ્ધાંત	૧૮
(સી) અનુચ્છેદ ૩૧૧ : કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પ્રગટીકરણ	૧૯

જી. અનુચ્છેદ ૧૪ : કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો પાયો **૨૦-૨૧**

એચ. બે આધારસ્તંભ : નેમો જુડેક્સ ઇન કોઝા સુઆ અને ઓડી અલ્ટરમ પાર્ટમ **૨૧-૨૬**

આઇ. સેવા વિષયક ન્યાયશાસ્ત્રમાં ન્યાયી કાર્યવાહી અને નિષ્પક્ષતા **૨૬-૨૯**

જે. વૈધાનિક શાસન **૨૯-૩૧**

(એ) ગોવા યુનિવર્સિટી સ્ટેચ્યુટ ૨૯

(બી) સીસીએસ (સીસીએ) નિયમો ૨૯-૩૦

(સી) “શક્ય હોય તેટલે અંશે” ના નિયમનો વ્યવહારુ અમલ ૩૦-૩૧

કે. “વિશાખા” કેસથી પોશ એક્ટ સુધીની સફર **૩૧-૩૮**

(એ) વિશાખા માર્ગદર્શિકા : શૂન્યાવકાશ પૂરવો ૩૧-૩૩

(બી) મેધા કોટવાલ લેલેનો કેસ : કન્ટીન્યુઇંગ મેન્ડેમસ દ્વારા ફોલો-અપ ૩૩-૩૬

(સી) પોશ એક્ટ અને નિયમોનું ઘડતર ૩૬-૩૭

(ડી) પ્રક્રિયાત્મક વ્યવસ્થામાં વ્યાજબીપણું સંચારિત કરવું ૩૭-૩૮

એલ. વિશ્લેષણ અને ચર્ચા **૩૮-૪૯**

(એ) ન્યાયિક પુનરાવલોકનમાં હાઇકોર્ટ દ્વારા હસ્તક્ષેપનો વ્યાપ ૩૯-૪૦

(બી) “શક્ય હોય તેટલે અંશે” ના ધોરણના પાલનની મર્યાદા ૪૦-૪૨

(સી) પોતાના અધિકારક્ષેત્ર અંગે સમિતિની સમજ ૪૨-૪૪

(ડી) ઝંઝાવાતી કાર્યવાહી ૪૪-૪૭

(ઈ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ક્યાં ચૂકી ગઈ? ૪૭-૪૯

એમ. નિષ્કર્ષ **૪૯-૫૨**

એન. ઉપસંહાર **૫૩-૫૫**

ઓ. નિર્દેશો **૫૫-૫૯**

**સંપાદકીય નોંધ : અનુક્રમણિકામાં પૃષ્ઠ ક્રમાંક મૂળ ચુકાદા મુજબ છે.*

એ. અપીલનો વ્યાપ

૧. અપીલકર્તા દ્વારા હાઇકોર્ટ ઓફ જ્યુડિકેચર એટ બોમ્બેની ગોવા બેંચ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૧૫ માર્ચ, ૨૦૧૨ ના તે ચુકાદાને પડકારવામાં આવ્યો છે, જેણે ગોવા યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ[1] દ્વારા કાર્યસ્થળ પર જાતીય સતામણી નિવારણ માટેની સ્ટેન્ડિંગ કમિટી[2] નો અહેવાલ[3] સ્વીકારીને અને સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ રૂલ્સ, ૧૯૬૫[4] ના રુલ ૧૧(૯) હેઠળ તેમના પર નોકરીમાંથી બરતરફી અને ભવિષ્યની રોજગારી માટે ગેરલાયકાતની મોટી શિક્ષા લાદતા પસાર કરેલા હુકમ[5] સામે તેમના દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી[6] ફગાવી દીધી હતી, જે હુકમને અપીલીય સત્તાધિકારી[7] તરીકે ગોવા યુનિવર્સિટીના ચાન્સેલર અને રાજ્યપાલ દ્વારા યોગ્ય રીતે માન્ય રાખવામાં આવ્યો હતો.

બી. ઘટનાઓનો ક્રમ

(એ) પ્રથમ સમિતિ સમક્ષની કાર્યવાહી:

---

[1] સંક્ષિપ્તમાં 'ઇસી'
[2] સંક્ષિપ્તમાં 'ધ કમિટી'
[3] તારીખ ૫ જૂન, ૨૦૦૯
[4] સંક્ષિપ્તમાં સીસીએસ (સીસીએ) નિયમો
[5] તારીખ ૧૦ મે, ૨૦૧૦
[6] ડબલ્યુ.પી. નં. ૬૦૨/૨૦૧૧
[7] તારીખ ૧૯ એપ્રિલ, ૨૦૧૧ ના હુકમ દ્વારા

૨. આ કેસની હકીકતોની વિગતોને કાલક્રમિક ક્રમમાં મૂકવી જરૂરી છે. અપીલકર્તાએ વર્ષ ૧૯૯૬ માં સામાવાળા નં. ૨ – ગોવા યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્ર વિભાગમાં કામચલાઉ લેક્ચરર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. વર્ષ ૨૦૦૩ માં તેમની સદર વિભાગના વડા તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અપીલકર્તાનું એવું કથન છે, જેનું સામા પક્ષ દ્વારા સખત ખંડન કરવામાં આવ્યું છે, કે રાજ્યશાસ્ત્ર વિભાગની ડિપાર્ટમેન્ટલ કાઉન્સિલ દ્વારા પોતાની વિરુદ્ધ ઠરાવ પસાર કરવાથી નારાજ થઈને, બે વિદ્યાર્થિનીઓએ તેમના મિત્રો સાથે મળીને તેમના હાથે શારીરિક સતામણી થઈ હોવાનો આક્ષેપ કરતી એક ફરિયાદ સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીને સુપરત કરી હતી. સદર ફરિયાદો[8] એ સામાવાળા નં. ૨ – યુનિવર્સિટી[9] ના રજિસ્ટ્રાર દ્વારા ફરિયાદો પ્રાપ્ત થવા પર સમિતિ દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસનું પ્રારંભિક બિંદુ હતી. સમિતિએ અપીલકર્તાને એક નોટિસ[10] પાઠવીને નવ ફરિયાદોમાં તેમની સામે લગાવવામાં આવેલા આક્ષેપો અંગે ખુલાસો કરવા અને તારીખ ૨૪ એપ્રિલ, ૨૦૦૯ ના રોજ વ્યક્તિગત સુનાવણી માટે તેની સમક્ષ હાજર રહેવા જણાવ્યું હતું, જે તારીખ ત્યારબાદ બદલીને ૨૭ એપ્રિલ, ૨૦૦૯ કરવામાં આવી હતી. તે જ સમયે, સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીના રજિસ્ટ્રારે અપીલકર્તાને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી ચાર્જ સોંપી દેવા અને રજા પર ઉતરી જવા નિર્દેશ આપ્યો હતો.

---

[8] તારીખ ૧૧.૦૩.૨૦૦૯ અને ૧૭.૦૩.૨૦૦૯ ની ફરિયાદ
[9] તારીખ ૦૮.૦૪.૨૦૦૯ ના પત્ર હેઠળ
[10] તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૦૯

૩. અપીલકર્તાએ સમિતિને ત્રેપન પાનાનો એક વિગતવાર જવાબ આપ્યો જેમાં તેમણે સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી તપાસ સામે કેટલાક પ્રારંભિક વાંધાઓ ઉઠાવ્યા, ફેકલ્ટીના સભ્યોની મિલીભગતથી કેટલાક માર્ગભ્રષ્ટ વિદ્યાર્થીઓ દ્વારા તેમની સામે સુનિયોજિત ષડયંત્ર રચવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો અને સમિતિ દ્વારા તેમને મોકલવામાં આવેલા વિદ્યાર્થિનીઓના ચૌદ નિવેદનોની વિગતોનું ખંડન કર્યું. તેમણે એવું જણાવીને સમાપન કર્યું કે તેમની સામે કરવામાં આવેલા જાતીય સતામણીના આક્ષેપો સંપૂર્ણપણે ખોટા અને પાયાવિહોણા હતા. અપીલકર્તાએ પૂર્વગ્રહના કારણોસર અને પોતાના હાથ નીચેના હોવાના કારણે તેઓ પૂર્વગ્રહ રાખવાની સંભાવના ધરાવે છે તેવી રજૂઆત સાથે સમિતિના બે સભ્યોને દૂર કરવાની માંગ કરતો એક પત્ર પણ રજિસ્ટ્રારને લખ્યો હતો.

૪. સમિતિએ અપીલકર્તાને તારીખ ૨૭ એપ્રિલ, ૨૦૦૯ ના રોજ સુનાવણી માટે બોલાવ્યા હતા. અપીલકર્તા દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે જ્યારે તેમને સમિતિના રૂમની બહાર રાહ જોવડાવવામાં આવી રહી હતી ત્યારે તેમના દ્વારા નામ આપવામાં આવેલા સાક્ષી સહિત તમામ ફરિયાદકર્તાઓની જુબાની નોંધવામાં આવી હતી. તેમને પાછળથી બોલાવવામાં આવ્યા હતા અને સમિતિએ તેમનું નિવેદન નોંધ્યું હતું. ત્યારપછીની સુનાવણી પર પણ, તારીખ ૨૮ એપ્રિલ, ૨૦૦૯ ના રોજ, સમિતિ દ્વારા આવી જ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી. તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૦૯ ના રોજ, અપીલકર્તાને સમિતિ તરફથી તેમની

સામે મળેલી જાતીય સતામણીની અન્ય એક ફરિયાદ બીડેલી નોટિસ મળી હતી, જેનો જવાબ આપવા અને તારીખ ૬ મે, ૨૦૦૯ ના રોજ હાજર રહેવા તેમને નિર્દેશ આપવામાં આવ્યો હતો. તારીખ ૨ મે, ૨૦૦૯ ના પત્ર દ્વારા, અપીલકર્તાએ વધારાની ફરિયાદનો જવાબ રજૂ કરવા માટે વધુ સમય અને સમિતિ સમક્ષ તેમના વતી હાજર રહેવા માટે વકીલ રોકવાની પરવાનગી માંગી હતી.

૫. અપીલકર્તાએ તારીખ ૮ મે, ૨૦૦૯ ના રોજ નોટિસનો પોતાનો જવાબ રજૂ કર્યો હતો. તારીખ ૬ મે, ૨૦૦૯ ના રોજ, વકીલ રોકવાની અપીલકર્તાની વિનંતી સમિતિ દ્વારા નકારી કાઢવામાં આવી હતી. તે જ દિવસે, સમિતિ દ્વારા અગાઉના પત્ર[11] માં એક શુદ્ધિપત્રક જારી કરીને તેમને જાણ કરવામાં આવી હતી કે તેમનો જવાબ દાખલ કરવા માટે નિયત કરવામાં આવેલી આગામી તારીખ "૧૨ જૂન, ૨૦૦૯" ના બદલે "૧૨ મે, ૨૦૦૯" વાંચવી અને આગળની જુબાની માટેની તારીખ "૧૨ જૂન, ૨૦૦૯" ના બદલે "૧૪ મે, ૨૦૦૯" વાંચવી.

૬. તારીખ ૮ મે, ૨૦૦૯ ના પત્ર દ્વારા, અપીલકર્તાએ સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીની એક ભૂતપૂર્વ વિદ્યાર્થિની પાસેથી મળેલી ફરિયાદ[12] પર સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી તપાસ સામે એવા કારણોસર વાંધો ઉઠાવ્યો કે તે યુનિવર્સિટીની ન તો વિદ્યાર્થિની હતી કે ન તો કર્મચારી હતી. વધારામાં, તેમને પહેલેથી જ પૂરા પાડવામાં આવેલા જુબાનીના નિવેદન ઉપરાંત, તેમણે સદર ફરિયાદની નકલ પણ માંગી હતી.

[11] તારીખ ૫ મે, ૨૦૦૯
[12] તારીખ ૨૭ એપ્રિલ, ૨૦૦૯ ના રોજ સહી થયેલ

૭. તારીખ ૧૨ મે, ૨૦૦૯ ના રોજ, અપીલકર્તાએ ફરિયાદકર્તાઓ દ્વારા પોતાની સામે લગાવવામાં આવેલા કેટલાક આક્ષેપોનું ખંડન કરવા માટે એક સાક્ષીનું સોગંદનામું મોકલ્યું હતું. તે જ તારીખના પત્ર દ્વારા, સમિતિએ ફેકલ્ટીના સભ્ય ડૉ. રાહુલ ત્રિપાઠીની એક વધારાની જુબાની મોકલી હતી, જેઓ અપીલકર્તા સામેની ફરિયાદોની તપાસ કરવા માટે રચાયેલી સમિતિમાંથી ખસી ગયા હતા અને સાક્ષી તરીકે જુબાની આપી હતી.

૮. અપીલકર્તાએ તારીખ ૧૩ મે, ૨૦૦૯ ના રોજ સમિતિને એક પત્ર લખીને પીઠના સખત દુખાવાના કારણે પોતે હોસ્પિટલમાં દાખલ હોવાની રજૂઆત સાથે તેની સમક્ષ હાજર થવા માટે થોડો સમય માંગ્યો હતો. તારીખ ૧૪ મે, ૨૦૦૯ ની નોટિસ દ્વારા, સમિતિએ અપીલકર્તાને પોતાની જુબાની નોંધાવવા માટે અને અન્ય ફરિયાદકર્તાની નવી જુબાનીનો પોતાનો લેખિત જવાબ રજૂ કરવા માટે તારીખ ૧૯ મે, ૨૦૦૯ ના રોજ તેની સમક્ષ હાજર રહેવા નિર્દેશ આપ્યો હતો. જો કે, માંગ્યા મુજબ સમયની વધુ મુદત લંબાવવાની વિનંતી સમિતિ દ્વારા નકારી કાઢવામાં આવી હતી.

૯. તે દરમિયાન, તારીખ ૧૩ મે, ૨૦૦૯ ના પત્ર દ્વારા, અપીલકર્તાએ સ્વાસ્થ્યના કારણોસર સ્વૈચ્છિક નિવૃત્તિ માંગીને સામાવાળા નં. ૨ – યુનિવર્સિટી સમક્ષ અરજી કરી હતી. જો કે, સદર અરજી તેમના દ્વારા તારીખ ૧૮ મે, ૨૦૦૯ ના રોજ પાછી ખેંચી લેવામાં આવી હતી. તે જ તારીખે, અપીલકર્તાના ભાઈ દ્વારા રોકવામાં આવેલા વકીલે અપીલકર્તાને સમિતિ સમક્ષ હાજર થવા માટે એક

મહિનાની મુદત લંબાવવાની માંગ કરતી એક નોટિસ સામાવાળા નં. ૨ અને ૩ ને આપી હતી.

૧૦. પોતાના તારીખ ૨૦ મે, ૨૦૦૯ ના પત્રમાં, સમિતિએ નોંધ્યું હતું કે જોકે અપીલકર્તા પોતાની આગળની જુબાની નોંધાવવા માટે તારીખ ૧૯ મે, ૨૦૦૯ ના રોજ તેની સમક્ષ હાજર રહેવામાં નિષ્ફળ રહ્યા હતા, તેમ છતાં પોતાની જુબાની પૂર્ણ કરવા અને ફરિયાદકર્તાઓ સહિતના સાક્ષીઓની ઉલટતપાસ કરવા માટે તેમને તારીખ ૨૩ મે, ૨૦૦૯ ના રોજ હાજર રહેવાની છેલ્લી એક તક આપવામાં આવી રહી છે. સાથે સાથે, તારીખ ૨૨ મે, ૨૦૦૯ સુધીમાં તેમનો જવાબ માંગીને અન્ય છ જુબાનીઓ અપીલકર્તાને મોકલવામાં આવી હતી.

૧૧. અપીલકર્તાએ સ્વાસ્થ્યના કારણોસર તારીખ ૨૩ મે, ૨૦૦૯ ના રોજની કાર્યવાહીમાં હાજરી આપવા અંગે પોતાની અસમર્થતા દર્શાવતો વધુ એક પત્ર[13] સમિતિને પાઠવ્યો હતો અને કાર્યવાહી ૩-૪ અઠવાડિયા માટે મુલતવી રાખવા વિનંતી કરી હતી. જો કે, તેમની વિનંતી તે જ દિવસે સમિતિ દ્વારા નકારી કાઢવામાં આવી હતી અને અપીલકર્તાને તારીખ ૨૩ મે, ૨૦૦૯ ના રોજ હાજર રહેવા નિર્દેશ આપવામાં આવ્યો હતો, અને તેમ કરવામાં નિષ્ફળ રહે તો સમિતિ તપાસ આગળ ધપાવશે તેવી તેમને જાણ કરવામાં આવી હતી. સમિતિની કાર્યવાહી મુલતવી રાખવાની માંગ કરતી અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી બીજી વિનંતી[14] નું પણ આવું જ પરિણામ આવ્યું હતું.

[13] તારીખ ૨૨ મે, ૨૦૦૯
[14] તારીખ ૨૩ મે, ૨૦૦૯

૧૨. આશરે દસ દિવસ પછી, અપીલકર્તાએ સમિતિના ચેરપર્સનને એક પત્ર[15] મોકલ્યો જેમાં અન્ય બાબતોની સાથે સાથે એવું જણાવ્યું કે તેઓ પોતાની બીમારીમાંથી આંશિક રીતે સાજા થઈ ગયા છે અને જુબાની આપવાની સ્થિતિમાં છે. તેમને મળેલી વધારાની જુબાનીઓનો જવાબ રજૂ કરવા માટે સક્ષમ બનવા તેમણે નવી તારીખો માંગી હતી. જો કે, ત્યાં સુધીમાં તો સમિતિએ અપીલકર્તા વિરુદ્ધ એકતરફી કાર્યવાહી કરી દીધી હતી અને સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીના રજિસ્ટ્રારને પોતાનો અહેવાલ[16] સુપરત કરી દીધો હતો, જેમાં જણાવ્યું હતું કે તપાસના સંબંધમાં ૧૮ બેઠકો યોજાઈ હતી જેણે અપીલકર્તા દ્વારા ફરિયાદકર્તાઓની જાતીય સતામણી સાબિત કરી હતી, જે કૃત્ય ગંભીર ગેરવર્તણૂક સમાન હતું અને સીસીએસ કન્ડક્ટ રૂલ્સના રુલ ૩(૧)(૩) નું ઘોર ઉલ્લંઘન હતું અને પરિણામે, તેમની સેવાઓ સમાપ્ત કરવાની ભલામણ કરી હતી.

(બી) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષની કાર્યવાહી

૧૩. ઈસી એ તારીખ ૧૩ જૂન, ૨૦૦૯ ના રોજ એક બેઠક યોજી હતી જેમાં સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને અપીલકર્તાને તાત્કાલિક અસરથી સસ્પેન્શન હેઠળ મૂકવામાં આવ્યા હતા. તારીખ ૮ સપ્ટેમ્બર, ૨૦૦૯ ના મેમોરેન્ડમ દ્વારા, ઈસી ના અધ્યક્ષે અપીલકર્તાને જાણ કરી હતી કે ઈસી સીસીએસ (સીસીએ) રૂલ્સના રુલ ૧૪ હેઠળ તેમની સામે તપાસ હાથ ધરવાનો પ્રસ્તાવ મૂકે છે. સદર મેમોરેન્ડમ સાથે આરોપોના મુદ્દાઓ

[15] તારીખ ૪ જૂન, ૨૦૦૯
[16] તારીખ ૫ જૂન, ૨૦૦૯

નું વિવરણ, આરોપના દરેક મુદ્દાના સમર્થનમાં ગેરવર્તણૂકના આરોપણનું વિવરણ, સદર આરોપોને સમર્થન આપવા માટેના દસ્તાવેજોની યાદી અને સાક્ષીઓની યાદી બીડેલ હતી. અપીલકર્તાને પોતાના બચાવનું લેખિત નિવેદન રજૂ કરવા અને તેમને વ્યક્તિગત રીતે સાંભળવામાં આવે તેવી તેમની ઈચ્છા છે કે કેમ તે જણાવવા માટે દસ દિવસનો સમય આપવામાં આવ્યો હતો.

૧૪. અપીલકર્તાએ ઉપરોક્ત મેમોરેન્ડમનો વીસ પાનાનો એક વિગતવાર જવાબ રજૂ કર્યો હતો અને પોતાના લેખિત નિવેદનને રજૂ કરવા માટે સંબંધિત હોવાની રજૂઆત સાથે પોતાની સામે કરવામાં આવેલી જાતીય સતામણીની ફરિયાદોને લગતા કેટલાક દસ્તાવેજો અને માહિતીની પણ માંગણી કરી હતી, જે સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર દ્વારા નકારી કાઢવામાં આવી હતી[17] અને તેમને જવાબ આપવા માટે વીસ દિવસનો સમય આપવામાં આવ્યો હતો.

૧૫. તારીખ ૧૫ ઓક્ટોબર, ૨૦૦૯ ના રોજ ઈસી એ અપીલકર્તા સામે ઘડવામાં આવેલા આરોપોની તપાસ કરવા માટે બોમ્બે હાઇકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિની નિમણૂક કરી અને તેમને જાણ કરવામાં આવી કે તપાસ અધિકારી તારીખ ૯ નવેમ્બર, ૨૦૦૯ ના રોજ તેમની સામે ઘડવામાં આવેલા આરોપોની પ્રાથમિક તપાસ હાથ ધરશે. તારીખ ૯ નવેમ્બર, ૨૦૦૯ ના રોજ યોજાયેલી તપાસ સમિતિની પ્રથમ બેઠકમાં અપીલકર્તા અને તેમના વકીલ યોગ્ય રીતે

[17] તારીખ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૦૯ ના પત્ર દ્વારા

ઉપસ્થિત રહ્યા હતા. બીજી બેઠક તારીખ ૭ ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ નિયત કરવામાં આવી હતી જે તારીખે જ્યારે સામાવાળા નં. ૨ – યુનિવર્સિટી વતી ઉપસ્થિત રહેલા પ્રેઝેન્ટિંગ ઓફિસરે મેધા કોટવાલ લેલે અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય[18] ના કેસમાં આ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૨૬ માર્ચ, ૨૦૦૪ ના ચુકાદા અને સીસીએસ (સીસીએ) રૂલ્સના રુલ ૧૪(૨) ના પરંતુકના તે સુધારા[19] નો સંદર્ભ આપ્યો, જેમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જ્યાં સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ) રૂલ્સ, ૧૯૬૪[20] ના રુલ ૩સી ના અર્થમાં જાતીય સતામણીની ફરિયાદ હોય, ત્યાં મોટી શિક્ષાઓ લાદવાના હેતુ માટે કમ્પ્લેઇન્ટ્સ કમિટીને તપાસ સત્તાધિકારી ગણવામાં આવશે, ત્યારે તપાસ અધિકારીએ મેધા કોટવાલના કેસ (ઉપરોક્ત) માં સુપ્રિમ કોર્ટ દ્વારા કોઈ વધુ નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે તપાસને સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો હતો.

૧૬. તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ, સામાવાળા નં. ૨ - યુનિવર્સિટીના રજિસ્ટ્રારે અપીલકર્તાને જાણ કરી હતી કે તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં ઈસી દ્વારા કરવામાં આવેલી ભલામણો પર તેમની સામે શરૂ કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવી છે અને મેધા કોતવાલના કેસમાં આ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૪ ના હુકમને ધ્યાને લેતાં તપાસ અધિકારીની

[18] (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૨૯૭
[19] તારીખ ૧ જુલાઈ, ૨૦૦૪
[20] સીસીએસ (આચરણ) નિયમો

નિમણૂક કરતો હુકમ પણ પાછો ખેંચી લેવામાં આવ્યો છે, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી નિવારણ માટેની ફરિયાદ સમિતિનો અહેવાલ સીસીએસ (સીસીએ) રૂલ્સ હેઠળ તપાસ અહેવાલ ગણાશે, જે સરકારી કર્મચારી સામે શિસ્તભંગના પગલાં શરૂ કરવા માટે શિસ્ત સત્તાધિકારી પર બંધનકર્તા રહેશે. અપીલકર્તા સામે ઘડવામાં આવેલા આરોપોની તપાસ કરવા માટે તપાસ અધિકારીની નિમણૂક કરવાના ઈસી દ્વારા તારીખ ૧૪મી જૂન, ૨૦૦૯ ના રોજ લેવાયેલા નિર્ણયને અજાણતા થયેલી ભૂલ ગણાવતાં, રજિસ્ટ્રારે અપીલકર્તાને જાણ કરી હતી કે શિસ્ત સત્તાધિકારી પ્રવર્તમાન નિયમો હેઠળ તેમની સામે આગળની કાર્યવાહી અંગે નિર્ણય કરશે.

સી. શિસ્ત સત્તાધિકારી અને એપેલેટ સત્તાધિકારીનો નિર્ણય

૧૭. આ પછી સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર દ્વારા ઈસી વતી એક મેમોરેન્ડમ[21] જારી કરવામાં આવ્યું હતું, જેમાં અપીલકર્તાને જાણ કરવામાં આવી હતી કે તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં, ઈસીએ સમિતિના અહેવાલનો સ્વીકાર કર્યો હતો અને તેમની સામે મૂકવામાં આવેલા આરોપોની ગંભીરતાને ધ્યાને લેતાં એવો નિર્ણય કર્યો હતો કે તેઓ સેવામાં ચાલુ રાખવા માટે અયોગ્ય છે. નિયમો[22] હેઠળ વિચાર્યા મુજબ ભવિષ્યની રોજગારી માટે તેમને ગેરલાયક ઠેરવતી સેવામાંથી બરતરફીની મોટી

[21] તારીખ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૦
[22] નિયમ ૧૧(૯) સીસીએસ (સીસીએ), ૧૯૬૫

સજા લાદવાની દરખાસ્ત કરીને, અપીલકર્તાને પોતાની રજૂઆત સબમિટ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો.

૧૮. અપીલકર્તાએ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૧૦ ના રોજ પોતાનો જવાબ રજૂ કર્યો હતો. તેમના જવાબની ચકાસણી કર્યા પછી, શિસ્ત સત્તાધિકારીએ તારીખ ૧૦મી મે, ૨૦૧૦ ના હુકમથી અપીલકર્તાને સેવામાંથી બરતરફ કર્યા હતા. સદર બરતરફીના હુકમ સામે અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ[23] એપેલેટ સત્તાધિકારી[24] ના હુકમ[25] દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

ડી. હાઇકોર્ટનો નિર્ણય

૧૯. સદર હુકમોને બોમ્બે હાઇકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યા હતા. હાઇકોર્ટે અવલોકન કર્યું હતું કે સમિતિએ અપીલકર્તાને ફરિયાદીઓની અને સાક્ષીઓની ઉલટતપાસ કરવા માટે પૂરતી તકો આપી હતી, પરંતુ તેમણે જાણીજોઈને તેની સમક્ષ ઉપસ્થિત ન થવાનું પસંદ કર્યું હતું. આવા સંજોગોમાં, તેમની સામે એકતરફી કાર્યવાહી કરવા અને પોતાનો અહેવાલ રજૂ કરવા બદલ સમિતિને દોષી ઠેરવી શકાય નહીં. એવું પણ ઠેરવવામાં આવ્યું હતું કે અપીલકર્તા દ્વારા રજૂ કરવામાં આવેલા તબીબી પ્રમાણપત્રોને સમિતિ દ્વારા નકારી કાઢવાનું વાજબી હતું કારણ કે તેઓ તપાસની કાર્યવાહીથી દૂર રહેવા માટે પોકળ બહાના બનાવતા રહ્યા હતા. અપીલકર્તાની એવી દલીલ કે સમિતિની અયોગ્ય રીતે

[23] તારીખ ૨૫ જૂન, ૨૦૧૦ ની અપીલ
[24] ગોવાના રાજ્યપાલ અને ગોવા યુનિવર્સિટીના કુલાધિપતિ
[25] તારીખ ૧૯ એપ્રિલ, ૨૦૧૦

રચના કરવામાં આવી હતી અથવા તેનું બંધારણ શંકાસ્પદ હતું કારણ કે તેમાં વિભાગમાં તેમના કરતા જુનિયર હોય તેવા વ્યક્તિઓનો સમાવેશ થતો હતો, તેને ગુણદોષવિહીન ગણીને ફગાવી દેવામાં આવી હતી. વધુમાં, અપીલકર્તાને પોતાનો બચાવ કરવાની ન્યાયી અને વાજબી તક આપ્યા વિના તપાસ અયોગ્ય ઉતાવળ સાથે હાથ ધરવામાં આવી હતી તેવી દલીલ પણ નકારી કાઢવામાં આવી હતી. પરિણામે, હાઇકોર્ટને સદર રિટ અરજીમાં કોઈ ગુણદોષ જણાયા ન હતા અને કેસમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો તેમજ સેવા નિયમોનો કોઈ ભંગ થયો ન હોવાનું ઠેરવીને તે ફગાવી દેવામાં આવી હતી.

ઈ. પક્ષકારોના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો :

(એ) અપીલકર્તાના વકીલ

૨૦. અપીલકર્તા વતી દલીલ કરતાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી બિસ્વજીત ભટ્ટાચાર્યએ વાદગ્રસ્ત ચુકાદાને અનેક મુદ્દાઓ પર પડકાર્યો છે. તેમની દલીલોનો મુખ્ય ભાર એ બાબત પર છે કે શિસ્ત સત્તાધિકારી દ્વારા પસાર કરવામાં આવેલો અને એપેલેટ સત્તાધિકારી દ્વારા બહાલ રાખવામાં આવેલો બરતરફીનો હુકમ[26] માત્ર સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ પર આધારિત છે, જે તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૯ ના રોજ શરૂ થયેલી અને તારીખ ૫મી જૂન, ૨૦૦૯ ના રોજ પૂર્ણ થયેલી તથ્ય-શોધ કાર્યવાહી સિવાય બીજું કંઈ ન હતી; જોકે કથિત રીતે આ તપાસ તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૯ ના રોજ શરૂ થઈ હતી, પરંતુ પ્રથમ સુનાવણી

[26] તારીખ ૧૦ મે, ૨૦૧૦ નો હુકમ

વાસ્તવમાં તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૦૯ ના રોજ જ થઈ હતી અને અપીલકર્તાને પોતાનો બચાવ કરવાની તથા પોતાનો કેસ રજૂ કરવાની પૂરતી તક આપ્યા વિના અઢાર બેઠકો દરમિયાન અડતાલીસ દસ્તાવેજો અને તેતાલીસ જુબાનીઓ પર આધાર રાખીને સમગ્ર કાર્યવાહી ઓગણચાલીસ દિવસના ગાળામાં ઉતાવળે બંધ કરી દેવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે સમિતિએ સમય વધારવાની[27] અપીલકર્તાની વિનંતી સ્વીકારી હતી અને તેમને તારીખ ૧૨મી જૂન, ૨૦૦૯ સુધીનો સમય આપ્યો હતો, તેમ છતાં કોઈ પણ વાજબી કારણ વિના અને અપીલકર્તાની અસ્વસ્થતાની જે જાણ કરવામાં આવી હતી તેને ધ્યાનમાં લીધા વિના, તે સમયગાળામાં અચાનક લગભગ એક મહિનાનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને તારીખ આગળ લાવીને તારીખ ૧૪મી મે, ૨૦૦૯ કરી દેવામાં આવી હતી. જ્યારે અપીલકર્તાએ પોતાની આગળની જુબાની નોંધવા અને આગળની કાર્યવાહી હાથ ધરવા માટે નવી તારીખ માંગતો પત્ર સમિતિને લખ્યો ત્યારે જ તેમને જાણવા મળ્યું કે સમિતિએ પોતાની કાર્યવાહી પૂર્ણ કરી લીધી હતી અને તારીખ ૫મી જૂન, ૨૦૦૯ ના રોજ જ પોતાનો અહેવાલ સુપરત કરી દીધો હતો. આથી એવી રજૂઆત કરવામાં આવી છે કે સામાવાળા દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઘોર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને સેવામાંથી બરતરફ કરવાનો હુકમ પસાર કરતા પહેલાં અપીલકર્તાને ન્યાયી સુનાવણીની વાજબી તકથી વંચિત રાખવામાં આવ્યા છે, જેના કારણે તેમને ગંભીર પૂર્વગ્રહ થયો છે.

[27] તારીખ ૫ મે, ૨૦૦૯ ના પત્ર દ્વારા

૨૧. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અનધર વિરુદ્ધ તુલસીરામ પટેલ[28] ના કેસમાં આ કોર્ટના ચુકાદાને ટાંકતાં, વિદ્વાન વરિષ્ઠ વકીલે દલીલ કરી હતી કે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧(૨) ના બીજા પરંતુકના ત્રણ ખંડો પૈકી કોઈપણ ખંડ, જે આદેશ આપે છે કે સંઘ અથવા રાજ્ય દ્વારા રોજગારી મેળવતી કોઈપણ વ્યક્તિને તપાસ કર્યા સિવાય સેવામાંથી બરતરફ અથવા દૂર કરવામાં આવશે નહીં, તેનો આશરો અપીલકર્તાને બરતરફ કરવા તરફ આગળ વધતાં પહેલાં યોગ્ય તપાસ ન કરવાનો વિકલ્પ પસંદ કરવા બદલ સામાવાળા દ્વારા લઈ શકાયો ન હોત. એવી જોરદાર દલીલ કરવામાં આવી હતી કે સીસીએસ (સીસીએ) રૂલ્સ હેઠળ નિર્ધારિત પ્રક્રિયાથી વિપરીત, સામાવાળા દ્વારા કોઈ યોગ્ય તપાસ હાથ ધરવામાં આવી ન હતી અને પ્રથમ સમિતિએ પોતાનો અહેવાલ[29] રજૂ કર્યો તે તારીખ સુધી કોઈ આરોપો ઘડવામાં આવ્યા ન હતા તથા તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૯ ના મેમોરેન્ડમ દ્વારા સામાવાળા દ્વારા ઘડવામાં આવેલા આરોપના મુદ્દાઓ ત્યારબાદ પડતા મૂકવામાં આવ્યા હતા અને પ્રથમ સમિતિ દ્વારા સુપરત કરાયેલા અહેવાલની તરફેણમાં આદેશિત તપાસ પડતી મૂકવામાં આવી હતી, જે અહેવાલ માત્ર એક તથ્ય-શોધ અહેવાલ હતો અને તેના પર આખરી તપાસ તરીકે આધાર રાખી શકાયો ન હોત, ખાસ કરીને જ્યારે તેના ગંભીર પરિણામો સંકળાયેલા હોય. વિદ્વાન વરિષ્ઠ વકીલે સંદીપ ખુરાના વિરુદ્ધ દિલ્હી ટ્રાન્સકો લિમિટેડ એન્ડ અધર્સ[30] માં દિલ્હી હાઈકોર્ટના વિદ્વાન એકલ ન્યાયમૂર્તિના અને

[28] (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮
[29] તારીખ ૫ જૂન, ૨૦૦૯ ના પત્ર દ્વારા
[30] આઈ.એલ.આર. ૨૦૦૬ (૧૧) દિલ્હી ૧૩૧૩

પ્રોફેસર ગિરિધર મદ્રાસ વિરુદ્ધ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, ચેરમેન દ્વારા પ્રતિનિધિત્વ અને અન્ય[31] માં કર્ણાટક હાઇકોર્ટના એકલ ન્યાયમૂર્તિના ચુકાદાને ટાંકીને એવી રજૂઆત કરી હતી કે સમિતિના અહેવાલને સીસીએસ (સીસીએ) રૂલ્સના નિયમ ૧૪ માં નિર્ધારિત પ્રક્રિયામાં વિચાર્યા મુજબ તપાસ અધિકારીના અહેવાલની સમકક્ષ ગણી શકાય નહીં. નિર્ધારિત પ્રક્રિયાનું પાલન ન કરવાથી અપીલકર્તાને ઘોર અન્યાય થયો છે, જે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ગંભીર ઉલ્લંઘન છે. અપીલકર્તા દ્વારા પ્રથમ સમિતિના કેટલાક સભ્યો સામે પૂર્વગ્રહના આરોપો પણ મૂકવામાં આવ્યા હતા.

૨૨. વિદ્વાન વકીલે વધુમાં એવી દલીલ કરી હતી કે યોગ્ય તપાસ હાથ ધરવાની અવ્યવહારુતાને વ્યાજબી ઠેરવવા માટે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧(૨) ના બીજા પરંતુક સાથે જોડાયેલા ત્રણ ખંડો પૈકી કોઈપણ ખંડ અપીલકર્તા સામે લાગુ કરવામાં આવ્યો નથી અને સમિતિ દ્વારા સીસીએસ (સીસીએ) રૂલ્સમાં નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવામાં નિષ્ફળતા પોતે જ સમગ્ર કાર્યવાહીને દૂષિત કરે છે. વાસ્તવમાં, અપીલકર્તાની એવી રજૂઆત છે કે કોઈપણ તબક્કે સમિતિ દ્વારા તેમને એવી જાણ કરવામાં આવી ન હતી કે તેના દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી એ શિસ્તભંગની કાર્યવાહી હતી અને તેથી, સદર સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલને સામાવાળા દ્વારા સીસીએસ (સીસીએ) રૂલ્સ હેઠળ તપાસ અહેવાલ તરીકે ગણી શકાયો ન હોત.

[31] (૨૦૧૯) એસ.સી.સી. ઓનલાઇન કર્ણાટક ૩૫૦૮

(બી) સામાવાળા નં. ૨ અને ૩ ના વકીલ

૨૩. બીજી બાજુ, સામાવાળા નં. ૨ અને ૩ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ સુશ્રી રુચિરા ગુપ્તાએ અપીલકર્તા વતી કરવામાં આવેલી દલીલોનું સખત ખંડન કર્યું હતું. તેમણે રજૂઆત કરી હતી કે અપીલકર્તા તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૯ ના મેમોરેન્ડમમાં વિચારવામાં આવેલી તપાસ પડતી મૂકવાના સામાવાળા નં. ૨ – યુનિવર્સિટી દ્વારા લેવાયેલા નિર્ણયને યોગ્ય તબક્કે પડકારવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, તેઓ વિલંબથી તેમ કરવા માટે પ્રતિબંધિત છે. આ રજૂઆતને સમર્થન આપવા માટે, તેમણે તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૯ ના પોતાના પત્રમાં અપીલકર્તા દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રાથમિક વાંધાઓનો સંદર્ભ આપ્યો હતો જ્યાં તેમણે સમિતિની પુનઃરચના અને તેના બંધારણ, સમિતિના બે સભ્યો દ્વારા તેમની સામે કથિત રીતે રાખવામાં આવેલા પૂર્વગ્રહ અને તેમના દ્વારા માંગવામાં આવેલા રેકોર્ડ્સની તેમને પહોંચ નકારવામાં આવી હોવાની હકીકત સંબંધિત પાંચ પ્રાથમિક વાંધાઓ ઉઠાવ્યા હતા. પરંતુ તપાસ હાથ ધરવાની સમિતિની સક્ષમતા કે હકૂમત અને તેના દ્વારા અપનાવવામાં આવેલી પ્રક્રિયા અંગે ત્યારપછી ઉઠાવવા માંગવામાં આવેલી ફરિયાદ અંગે અપીલકર્તા દ્વારા ક્યારેય પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હતો.

૨૪. સમિતિ અને અપીલકર્તા વચ્ચે થયેલા પત્રવ્યવહારનો સંદર્ભ આપતાં, વિદ્વાન વકીલે રજૂઆત કરી હતી કે અપીલકર્તાને પોતાનો જવાબ રજૂ કરવા માટે ઓછામાં ઓછી ત્રણ તકો આપવામાં આવી હતી અને સમિતિ દ્વારા

અઢાર સુનાવણી હાથ ધરવામાં આવી હતી પરંતુ તેઓ ઘણી તારીખોએ કાર્યવાહીમાં ઉપસ્થિત રહ્યા ન હતા. અપીલકર્તા હાજર ન થયા અને અસ્વસ્થતાના પોકળ બહાના બનાવ્યા તથા વારંવાર મુદતો માંગી તે પછી જ સમિતિએ તેમની સામે એકતરફી કાર્યવાહી કરી હતી અને તારીખ ૫મી જૂન, ૨૦૦૯ ના રોજ રજિસ્ટ્રારને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો. આથી એવી દલીલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે તારીખ ૪થી જૂન, ૨૦૦૯ ના પત્ર દ્વારા અપીલકર્તા દ્વારા વિનંતી કરવામાં આવી હતી તે મુજબ જો તેમને બીજી તક આપવામાં આવી હોત તો પણ પરિસ્થિતિમાં કોઈ ફેર પડ્યો ન હોત. આ સંદર્ભમાં, સીસીએસ (સીસીએ) રૂલ્સના નિયમ ૧૪(૨) ના પરંતુક તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જે ફરિયાદ સમિતિને નિયમોમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર "જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી" જાતીય સતામણીની ફરિયાદની તપાસ કરવાનો આદેશ આપે છે. સામાવાળાના એ વલણને વ્યાજબી ઠેરવવા માટે અવિનાશ મિશ્રા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[32] ના કેસમાં દિલ્હી હાઇકોર્ટની ડિવિઝન બેંચના ચુકાદાને ટાંકવામાં આવ્યો છે કે "જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી" શબ્દપ્રયોગ પોતે જ સૂચવે છે કે જ્યાં સુધી આરોપિત અધિકારીને ફરિયાદના સંબંધમાં પોતાનું વલણ સ્પષ્ટ કરવાની પૂરતી તક આપવામાં આવી હોય અને સંબંધિત સામગ્રી તેમની સમક્ષ જાહેર કરવામાં આવી હોય ત્યાં સુધી સમગ્ર પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન ન કરવાનો વિવેકાધિકાર સમિતિમાં નિહિત છે.

[32] ૨૦૧૪ એસ.સી.સી. ઓનલાઇન દિલ્હી ૧૮૫૬

૨૫. સામાવાળા નં. ૨ અને ૩ ના વિદ્વાન વકીલે આગળ જણાવ્યું કે સમિતિએ અપીલકર્તાને સાક્ષીઓની ઉલટતપાસ કરવા, પોતાના સાક્ષીઓ રજૂ કરવા અને પોતાની જુબાની પૂર્ણ કરવા માટે પૂરતી તકો આપી હતી પરંતુ તેઓ કોઈને કોઈ બહાને કાર્યવાહીમાં વિલંબ કરતા રહ્યા હતા. અહેવાલનો સંદર્ભ આપતાં તેમણે જણાવ્યું કે તે દર્શાવે છે કે સમિતિએ તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૦૯ ના રોજ અપીલકર્તા દ્વારા રજૂ કરવામાં આવેલા વિગતવાર જવાબની નોંધ લીધી હતી અને તેની સાથે ખૂબ લંબાણપૂર્વક વિચારણા કરી હતી. એવી દલીલ કરવા માટે હીરા નાથ મિશ્રા એન્ડ અધર્સ વિરુદ્ધ પ્રિન્સિપાલ, રાજેન્દ્ર મેડિકલ કોલેજ, રાંચી એન્ડ અનધર[33] અને પી.ડી. અગ્રવાલ વિરુદ્ધ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા એન્ડ અધર્સ[34] ના કેસોમાં આ કોર્ટના ચુકાદાઓ પર પણ આધાર રાખવામાં આવ્યો છે કે કુદરતી ન્યાયના સિદ્ધાંતો એ કોઈ અણનમ સિદ્ધાંત નથી અને કુદરતી ન્યાયની જરૂરિયાતો સંતોષાય છે કે નહીં તે જોવા માટે દરેક કેસના તથ્યો અને સંજોગોની તપાસ કરવી પડે છે. હાલના કેસમાં, બાબતની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને કે જ્યાં સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીના ઓછામાં ઓછા સત્તર વિદ્યાર્થીઓએ અપીલકર્તા સામે જાતીય સતામણીની ફરિયાદો રજૂ કરી હતી, સમિતિએ સંતુલન જાળવીને પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કર્યો હતો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કર્યા વિના કાર્યવાહી હાથ ધરી હતી, જે ખુદ અહેવાલના વાંચન પરથી પૂરતા પ્રમાણમાં સાબિત થાય છે.

---

[33] (૧૯૭૩) ૧ એસ.સી.સી. ૮૦૫
[34] (૨૦૦૬) ૮ એસ.સી.સી. ૭૭૬

૨૬. વિદ્વાન વકીલે સામા પક્ષ દ્વારા કરવામાં આવેલી એ રજૂઆતનું પણ ખંડન કર્યું હતું કે તપાસ હાથ ધરતા પહેલાં સમિતિ દ્વારા આરોપના મુદ્દાઓ ઘડવામાં નિષ્ફળતાના કારણે અપીલકર્તાને ગંભીર પૂર્વગ્રહ થયો હતો. તેમણે રજૂઆત કરી હતી કે ફરિયાદોનો સારાંશ અપીલકર્તાને શરૂઆતથી જ સારી રીતે જાણીતો હતો અને ફરિયાદીઓ તથા અન્ય સાક્ષીઓની તમામ સંબંધિત જુબાનીઓ તેમને યોગ્ય રીતે પૂરી પાડવામાં આવી હતી. તેમને સદર ફરિયાદોનો જવાબ આપવા, સાક્ષીઓની ઉલટતપાસ કરવા અને બચાવમાં પોતાના સાક્ષીઓ રજૂ કરવા માટે પૂરતી તક આપવામાં આવી હતી. તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૯ ના મેમોરેન્ડમના આધારે અપીલકર્તા સામે ત્યારપછી રચાયેલી તપાસ કાર્યવાહીને સમાપ્ત કરવાના સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીના નિર્ણયને સ્પષ્ટ કરતાં, વિદ્વાન વકીલે મેધા કોતવાલના કેસ (ઉપરોક્ત) માં આ કોર્ટ દ્વારા પસાર કરાયેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૪ ના હુકમનો સંદર્ભ આપ્યો હતો, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે વિશાખા એન્ડ અધર્સ વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન એન્ડ અધર્સ[35] માં વિચાર્યા મુજબની ફરિયાદ સમિતિ, સીસીએસ (સીસીએ) રૂલ્સના હેતુઓ માટે તપાસ સત્તાધિકારી રહેશે અને સદર સમિતિનો અહેવાલ એક તપાસ અહેવાલ ગણાશે જેના પર શિસ્ત સત્તાધિકારી નિયમો અનુસાર કાર્યવાહી કરશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે અપીલકર્તા સામે ઘડવામાં આવેલા આરોપોની તપાસ કરવા માટે એક તપાસ સત્તાધિકારીની નિમણૂક કરીને ઈસી દ્વારા શુદ્ધબુદ્ધિપૂર્વકની ભૂલ કરવામાં આવી હતી અને

[35] (૧૯૯૭) ૬ એસ.સી.સી. ૨૪૧

તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૯ ના હુકમને પાછો ખેંચવાનો સદર નિર્ણય તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ અપીલકર્તાને યોગ્ય રીતે પહોંચાડવામાં આવ્યો હતો. ત્યારબાદ જ, ઈસીએ અપીલકર્તાને સમિતિ દ્વારા રજૂ કરાયેલા અહેવાલને સ્વીકારવાના અને તેમના પર સેવામાંથી બરતરફીની મોટી સજા લાદવાના નિર્ણય પર પોતાની રજૂઆત સબમિટ કરવાનું જણાવતો નવો મેમોરેન્ડમ[36] જારી કર્યો હતો.

૨૭. આથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે અપીલકર્તાને કોઈ પૂર્વગ્રહ થયો ન હતો અને સમિતિએ કેસના આપેલા તથ્યો અને સંજોગોમાં "જ્યાં સુધી વ્યવહારુ હતું ત્યાં સુધી" કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યું હતું. અપીલકર્તા સામે કોઈ પગલાં લેતા પહેલાં માત્ર સમિતિ દ્વારા જ નહીં, પરંતુ શિસ્ત સત્તાધિકારી અને એપેલેટ સત્તાધિકારી દ્વારા પણ તેમને પૂરતી તક આપવામાં આવી હતી. તેથી, આ "કોઈ તક નહીં" અથવા "સુનાવણી નહીં" નો કેસ ન હતો પરંતુ સીસીએસ (સીસીએ) રૂલ્સની કલમ ૧૧ (૯) માં નિર્દિષ્ટ કર્યા મુજબ, તેમના પર સેવામાંથી બરતરફીની મોટી સજા લાદતા પહેલાં અપીલકર્તાને આપવામાં આવેલી "પૂરતી તક" અને "ન્યાયી સુનાવણી" નો કેસ હતો.

એફ. ત્રિપુટી : ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯, ૩૧૦ અને ૩૧૧

૨૮. સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓ સંવિધાનના ભાગ ૧૪ હેઠળ સંચાલિત થાય છે. ભારતના સંવિધાનનો અનુચ્છેદ ૩૦૯ કે જે સંઘ અથવા

[36] તારીખ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૦

રાજ્યની સેવા કરતી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતોની જોગવાઈ કરે છે, અનુચ્છેદ ૩૧૦ કે જે સંઘ અથવા રાજ્યની સેવા કરતી વ્યક્તિઓના હોદ્દાની મુદતનો સંદર્ભ આપે છે અને અનુચ્છેદ ૩૧૧ કે જે સંઘ અથવા રાજ્ય હેઠળ સિવિલ ક્ષમતામાં નોકરી કરતી વ્યક્તિઓની બરતરફી, દૂર કરવા અથવા પદઘટાડા સાથે સંબંધિત છે, તે એકબીજા સાથે જોડાયેલા છે અને "એક સંકલિત સંપૂર્ણતા બનાવે છે, જેમાં એક જૈવિક અને વિષયવસ્તુગત એકતા રહેલી છે"[37].

(એ) અનુચ્છેદ ૩૦૯: સેવાની શરતો

૨૯. અનુચ્છેદ ૩૦૯ પોતે સરકારી કર્મચારીઓની ભરતી અથવા સેવાની શરતોની જોગવાઈ કરતો નથી, પરંતુ આ બાબતોને લગતા કાયદા બનાવવાની આ સત્તા યોગ્ય વિધાનમંડળને અને નિયમો બનાવવાની સત્તા રાષ્ટ્રપતિ તથા રાજ્ય સરકારને પ્રદાન કરે છે. અનુચ્છેદ ૩૦૯ માં "સેવાની શરતો" શબ્દપ્રયોગ તેના ક્ષેત્રમાં તે તમામ શરતોનો સમાવેશ કરે છે જે કોઈ વ્યક્તિ દ્વારા હોદ્દો ધારણ કરવાનું નિયમન કરે છે જે તે સેવામાં પ્રવેશે ત્યારથી શરૂ કરીને તેની નિવૃત્તિ સુધી અને નિવૃત્તિ પછી પણ પેન્શન, પેન્ડિંગ શિસ્તભંગની કાર્યવાહી વગેરે જેવી બાબતોના સંબંધમાં લાગુ પડે છે. આ શબ્દપ્રયોગમાં આવી વ્યક્તિને સેવામાંથી બરતરફ કરવાના અધિકારનો પણ સમાવેશ થાય છે[38]. સરકારી કર્મચારી સામે શિસ્તભંગના પગલાં કોણ શરૂ કરી શકે તે પ્રક્રિયા અને સત્તાધિકારી નિર્ધારિત કરવા માટે અનુચ્છેદ ૩૦૯ હેઠળ યોગ્ય વિધાનમંડળ દ્વારા કાયદો ઘડી શકાય છે

[37] યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય વિરુદ્ધ તુલસી રામ પટેલ, (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮
[38] સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ અને અન્ય વિરુદ્ધ શાર્દુલ સિંહ, (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૧૦૮

અથવા યોગ્ય કારોબારી દ્વારા નિયમો બનાવી શકાય છે[39]. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે કોઈપણ એક્ટ અથવા નિયમ જે અનુચ્છેદ ૩૧૧ હેઠળ સરકારી કર્મચારીને ખાતરી આપવામાં આવેલા અધિકારોનું ઉલ્લંઘન કરે છે, તે રદબાતલ ગણાશે[40]. તેવી જ રીતે, આવો કોઈ એક્ટ અથવા નિયમ જો સંવિધાનના ભાગ ૩ હેઠળ ખાતરી આપવામાં આવેલા કોઈપણ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતો હોય તો તેને રદબાતલ ગણવામાં આવશે.

(બી) અનુચ્છેદ ૩૧૦: મરજીનો સિદ્ધાંત

૩૦. અનુચ્છેદ ૩૧૦ એ "મરજીના સિદ્ધાંત" ને સમાવિષ્ટ કરે છે અને સરકારી કર્મચારીઓના સંદર્ભમાં, તેમની સેવાની મુદત સાથે સંબંધ ધરાવે છે. અનુચ્છેદ ૩૧૦(૧) સંવિધાન દ્વારા સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય સરકારી કર્મચારીઓની સેવાની મુદતને રાષ્ટ્રપતિ અથવા રાજ્યના રાજ્યપાલની મરજીને આધીન બનાવે છે. આ અનુચ્છેદ ઇંગ્લેન્ડમાં ક્રાઉનના અધિકારોને સમકક્ષ છે જ્યાં ક્રાઉનના તમામ જાહેર અધિકારીઓ અને સેવકોની નિમણૂક ક્રાઉનની મરજીથી કરવામાં આવે છે અને તેમની સેવાઓ કોઈપણ કારણ દર્શાવ્યા વિના મરજી મુજબ સમાપ્ત કરી શકાય છે[41]. એ જ કારણ છે કે સંવિધાન હેઠળ સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, સરકારી કર્મચારીની સેવાની મુદત રાષ્ટ્રપતિ અથવા રાજ્યના રાજ્યપાલની મરજીને

[39] સરદારી લાલ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૪૧૧
[40] મોતી રામ ડેકા વિરુદ્ધ જનરલ મેનેજર, નોર્થ ઇસ્ટ ફ્રન્ટિયર રેલ્વે, (૧૯૬૪) ૫ એસ.સી.આર. ૬૮૩
[41] યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય વિરુદ્ધ તુલસી રામ પટેલ, (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮

આધીન રહે છે. આવી સેવાઓના તમામ સભ્યો કે જેઓ જાહેર તિજોરીમાંથી પોતાનું મહેનતાણું મેળવે છે, પછી ભલે તેઓ વંશવેલા/હોદ્દાના ક્રમમાં ટોચ પર હોય કે સાવ તળિયે હોય, તેઓ આખરે જનતાને જવાબદાર છે અને તેમની પાસેથી જવાબદારીપૂર્વક, કાર્યક્ષમતાથી, અસરકારક રીતે અને સર્વોપરી રીતે લોકોના બહેતર હિત માટે પોતાની ફરજો બજાવવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેથી, એ જોઈ શકાય છે કે સરકારી કર્મચારીઓનો ઉદ્ભવ ભલે કરાર આધારિત હોઈ શકે છે, પરંતુ એકવાર હોદ્દા કે પદ પર નિયુક્ત થયા પછી, તેઓ એક દરજ્જો પ્રાપ્ત કરે છે અને તેમના અધિકારો અને જવાબદારીઓ હવે બંને પક્ષોની સંમતિ દ્વારા નક્કી થતા નથી, પરંતુ કાયદા અથવા વૈધાનિક નિયમો દ્વારા સંચાલિત થાય છે[42].

(સી) અનુચ્છેદ ૩૧૧ : કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પ્રગટીકરણ

૩૧. આ કોર્ટે ઠેરવેલ કે જાહેર સેવકોને બરતરફ કરવા, દૂર કરવા અથવા તેમના હોદ્દામાં ઘટાડો કરવાના મામલાઓમાં, સંવિધાનનો અનુચ્છેદ ૩૧૧ એ કુદરતી ન્યાયના આવશ્યક સિદ્ધાંતોનું પ્રગટીકરણ છે. તે સરકાર પર એ સુનિશ્ચિત કરવાની ફરજ લાદે છે કે જાહેર સેવક વિરુદ્ધના આવા કોઈપણ નિર્ણય પૂર્વે એવી તપાસ કરવામાં આવે કે જેમાં જાહેર સેવકને સાંભળવાની તક આપવાનું

[42] રોશન લાલ ટંડન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૬૮) ૧ એસ.સી.આર. ૧૮૫

વિચારવામાં આવ્યું હોય, જેઓ આવા નિર્ણય સામે રજૂઆત કરવાનો અધિકાર પણ ધરાવે છે[43]. અનુચ્છેદ ૩૧૧ નીચે મુજબ વંચાય છે :

> "૩૧૧. સંઘ અથવા રાજ્ય હેઠળ મુલ્કી હેસિયતમાં નોકરી કરતા શખ્સોને બરતરફ કરવા, દૂર કરવા અથવા તેમના હોદ્દામાં ઘટાડો કરવા બાબત.—
>
> (૧) સંઘની મુલ્કી સેવા અથવા અખિલ ભારતીય સેવા અથવા રાજ્યની મુલ્કી સેવાનો સભ્ય હોય અથવા સંઘ કે રાજ્ય હેઠળ કોઈ મુલ્કી હોદ્દો ધરાવતો હોય તેવા કોઈપણ શખ્સને, જે સત્તાધિકારી દ્વારા તેની નિમણૂક કરવામાં આવી હોય તેના તાબાના સત્તાધિકારી દ્વારા બરતરફ કરવામાં આવશે નહીં કે દૂર કરવામાં આવશે નહીં.
>
> (૨) ઉપર જણાવ્યા મુજબના કોઈપણ શખ્સ સામેના આરોપો વિશે તેને જાણ કરવામાં આવી હોય અને તે આરોપોના સંબંધમાં તેને સાંભળવાની વાજબી તક આપવામાં આવી હોય તેવી તપાસ કર્યા સિવાય તેને બરતરફ કરવામાં આવશે નહીં અથવા દૂર કરવામાં આવશે નહીં અથવા તેના હોદ્દામાં ઘટાડો કરવામાં આવશે નહીં:
>
> પરંતુ એવી જોગવાઈ છે કે જ્યાં આવી તપાસ પછી, તેના પર આવી કોઈ શિક્ષા લાદવાની દરખાસ્ત કરવામાં આવે, ત્યાં આવી તપાસ દરમિયાન રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે આવી શિક્ષા લાદી શકાશે અને

[43] નિશા પ્રિયા ભાટિયા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૨૦૨૦) ૧૩ એસ.સી.સી. ૫૬

પ્રસ્તાવિત શિક્ષા પર રજૂઆત કરવાની આવી કોઈ તક તે શખ્સને આપવી જરૂરી રહેશે નહીં:

પરંતુ વધુમાં એવી જોગવાઈ છે કે આ ખંડ લાગુ પડશે નહીં—

(એ) જ્યાં કોઈ શખ્સને એવા વર્તનના કારણોસર બરતરફ કરવામાં આવે અથવા દૂર કરવામાં આવે અથવા તેના હોદ્દામાં ઘટાડો કરવામાં આવે, જેના પરિણામે તેને ફોજદારી આરોપસર દોષિત ઠેરવવામાં આવ્યો હોય; અથવા

(બી) જ્યાં કોઈ શખ્સને બરતરફ કરવા કે દૂર કરવા અથવા તેના હોદ્દામાં ઘટાડો કરવા માટે સત્તાપ્રાપ્ત સત્તાધિકારીને એવી ખાતરી થાય કે, તે સત્તાધિકારી દ્વારા લેખિતમાં નોંધવાના રહેતા કોઈ કારણસર, આવી તપાસ યોજવી વાજબી રીતે વ્યવહારુ નથી; અથવા

(સી) જ્યાં રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ, યથાપ્રસંગ, ને એવી ખાતરી થાય કે રાજ્યની સલામતીના હિતમાં આવી તપાસ યોજવી યોગ્ય નથી.

(૩) જો, ઉપર જણાવ્યા મુજબના કોઈપણ શખ્સના સંબંધમાં, ખંડ (૨) માં ઉલ્લેખિત આવી તપાસ યોજવી વાજબી રીતે વ્યવહારુ છે કે કેમ તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તેવા શખ્સને બરતરફ કરવા અથવા દૂર કરવા અથવા તેના હોદ્દામાં ઘટાડો કરવા માટે સત્તાપ્રાપ્ત સત્તાધિકારીનો તે અંગેનો નિર્ણય આખરી રહેશે."

૩૨. સરકારી કર્મચારીઓને નોકરીની મુદતની સુરક્ષાની ભાવના પૂરી પાડવા માટે, સંવિધાનના ઘડવૈયાઓએ અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૧) અને (૨) માં જોગવાઈ કર્યા મુજબ શિક્ષા અથવા બરતરફી અથવા નોકરીમાંથી દૂર કરવા અથવા તેમના હોદ્દામાં ઘટાડો કરવાના સંબંધમાં રક્ષણાત્મક ઉપાયો સમાવિષ્ટ કર્યા છે. તે જ સમયે, તે જ જાહેર હિત અને લોકકલ્યાણને ધ્યાનમાં રાખીને, કે જે ભ્રષ્ટ, અપ્રમાણિક અથવા બિનકાર્યક્ષમ જણાયેલા સરકારી કર્મચારીઓને સેવામાં ચાલુ રાખવાની પરવાનગી આપતું નથી, અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ના બીજા પરંતુક હેઠળ એક ઉપાય પૂરો પાડવામાં આવ્યો છે જેના હેઠળ શિસ્તવિષયક તપાસ હાથ ધર્યા વિના તેમની સેવાઓ સમાપ્ત કરી શકાય છે.

૩૩. આમ, અનુચ્છેદ ૩૦૯, ૩૧૦ અને ૩૧૧ માંથી વણાયેલો સુવર્ણ તાંતણો એ વ્યાપક લોકકલ્યાણ તરફ નિર્દેશિત જાહેર હિત છે. એકસાથે મળીને તેઓ એક ત્રિપુટી રચે છે અને સર્વોપરી જાહેર નીતિના સિદ્ધાંતનું પ્રતીક છે.

જી. અનુચ્છેદ ૧૪ : કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો પાયો

૩૪. અનુચ્છેદ ૩૧૧ માં પ્રતિબિંબિત થતા કુદરતી ન્યાયના સિદ્ધાંતો એ કોઈ પોકળ મંત્રોચ્ચાર નથી. તેઓ અનુચ્છેદ ૧૪ નો મૂળ પાયો રચે છે અને આ સિદ્ધાંતોનું કોઈપણ ઉલ્લંઘન સંવિધાનના અનુચ્છેદ ૧૪ ના ઉલ્લંઘન સમાન છે. જાહેર સેવકને કુદરતી ન્યાયના સિદ્ધાંતોથી વંચિત રાખવાથી, લેવાયેલો નિર્ણય

મનસ્વીપણાના દૂષણથી દૂષિત હોવાના કારણોસર અમાન્ય ઠરી શકે છે અને તેના પરિણામે જાહેર સેવક કાયદાના સમાન રક્ષણથી વંચિત થાય છે.

૩૫. અનુચ્છેદ ૧૪, જેને ઘણીવાર કુદરતી ન્યાયના સિદ્ધાંતોના 'બંધારણીય રક્ષક' તરીકે ઓળખવામાં આવે છે, તે અનુચ્છેદ ૧૨ માં વ્યાખ્યાયિત 'રાજ્ય' ને કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા અથવા કાયદાઓનું સમાન રક્ષણ નકારવાની સ્પષ્ટ મનાઈ ફરમાવે છે. અનુચ્છેદ ૧૪ તમામ વ્યક્તિઓને કાયદા સમક્ષ સમાનતાની સ્પષ્ટ ખાતરી આપે છે અને કોઈપણ કાયદા દ્વારા થતા ભેદભાવ સામે તેમને રક્ષણ વિસ્તારે છે. અનુચ્છેદ ૧૩(૩)(એ) કાયદાની વ્યાખ્યામાં ભારતના રાજ્યક્ષેત્રમાં કાયદાનું બળ ધરાવતા કોઈપણ વટહુકમ, હુકમ, ઉપનિયમ, નિયમ, વિનિયમ, અધિસૂચના, રૂઢિ અથવા પ્રથાનો સમાવેશ કરે છે. આમ, અનુચ્છેદ ૧૪ હેઠળ ખાતરી આપવામાં આવેલા કુદરતી ન્યાયના સિદ્ધાંતો નિર્ણય લેતા ન્યાયનિર્ણયકારી સત્તાધિકારીને કોઈપણ મનસ્વી પગલું લેવાથી રોકે છે, પછી ભલે તે સારભૂત સ્વરૂપનું હોય કે પ્રક્રિયાગત સ્વરૂપનું હોય. કુદરતી ન્યાયના આ સિદ્ધાંતો, કે જે એક નૈસર્ગિક કાયદો છે, તે સમય જતાં વિકસિત થયા છે અને વ્યાપક ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા સતત પરિષ્કૃત થયા છે.

એચ. બે આધારસ્તંભ : નેમો જુડેક્સ ઇન કોઝા સુઆ અને ઓડી અલ્ટરમ પાર્ટમ

૩૬. ન્યાયિક પ્રક્રિયામાં, પછી ભલે તે અર્ધન્યાયિક હોય કે વહીવટી સ્વરૂપની હોય, કુદરતી ન્યાયના સિદ્ધાંતો જેના પર ટકેલા છે તે બે આધારસ્તંભો છે: નેમો જુડેક્સ ઇન કોઝા સુઆ, એટલે કે, કોઈ પણ વ્યક્તિ પોતાના જ કેસમાં ન્યાયાધીશ હોઈ શકે નહીં કારણ કે ન્યાય માત્ર થવો જ જોઈએ નહીં, પરંતુ સ્પષ્ટપણે થતો દેખાવો પણ જોઈએ; અને ઓડી અલ્ટરમ પાર્ટમ, એટલે કે ન્યાયિક, અર્ધન્યાયિક અથવા વહીવટી કાર્યવાહીથી અસરગ્રસ્ત વ્યક્તિને કોઈપણ નિર્ણય લેવામાં આવે તે પહેલાં સુનાવણીની તક આપવી જ જોઈએ.

૩૭. અદાલતોએ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને સંવિધાનમાં કેટલા ઊંડાણપૂર્વક આત્મસાત અને સમાવિષ્ટ કર્યા છે તે મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા એન્ડ અનધર[44] ના કેસમાં સાત ન્યાયમૂર્તિઓની પીઠના નિર્ણય પરથી જાણી શકાય છે. આ કેસમાં, જ્યાં અપીલકર્તાના પાસપોર્ટને જપ્ત કરવાના હુકમને પડકારવામાં આવ્યો હતો, કે જે હુકમ આવા પગલાં માટેના કારણો બાબતે મૌન હતો અને સામાવાળા-રાજ્યે તે માટેનું કારણ આપવાનો ઇનકાર કર્યો હતો, તેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે વ્યક્તિના જીવન અને સ્વાતંત્ર્યને કાયદા દ્વારા સ્થાપિત કોઈપણ પ્રક્રિયા દ્વારા સીમિત કરી શકાય નહીં, પરંતુ માત્ર એવી જ પ્રક્રિયા દ્વારા સીમિત કરી શકાય છે જે ન્યાયી, વાજબી અને ઉચિત હોય. ઓડી અલ્ટરમ પાર્ટમના નિયમને ટાંકીને અને તેને "કાર્યવાહીમાં વાજબી વલણ" સાથે

[44] (૧૯૭૮) ૧ એસ.સી.સી. ૨૪૮

સરખાવતાં, ન્યાયમૂર્તિ પી.એન. ભગવતી (તત્કાલીન) એ બહુમતી વતી ચુકાદો આપ્યો હતો અને અવલોકન કર્યું હતું કે:

"૧૪. .....ઓડી અલ્ટરમ પાર્ટમનો નિયમ કોઈ જડ ઢાંચામાં ઢાળેલો નથી અને ન્યાયિક નિર્ણયો સ્થાપિત કરે છે કે તેમાં પરિસ્થિતિગત ફેરફારો થઈ શકે છે. જો કે, તેનું મૂળ તત્વ જળવાઈ રહેવું જોઈએ, એટલે કે અસરગ્રસ્ત વ્યક્તિને સાંભળવાની વાજબી તક મળવી જોઈએ અને સુનાવણી એ વાસ્તવિક સુનાવણી હોવી જોઈએ, કોઈ પોકળ જનસંપર્ક કવાયત નહીં. આથી જ ટકર, એલ.જે. એ રસેલ વિરુદ્ધ ડ્યુક ઓફ નોર્ફોક[45] માં ભારપૂર્વક જણાવ્યું હતું કે "કુદરતી ન્યાયનું ગમે તે ધોરણ અપનાવવામાં આવે, તો પણ એક અનિવાર્ય બાબત એ છે કે સંબંધિત વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની વાજબી તક મળવી જોઈએ". કઈ તકને વાજબી ગણી શકાય તે અનિવાર્યપણે પરિસ્થિતિની વ્યવહારુ જરૂરિયાતો પર નિર્ભર રહેશે. તે એક સુસંકલિત સંપૂર્ણ સુનાવણી હોઈ શકે છે અથવા તે એવી સુનાવણી હોઈ શકે છે જે અત્યંત સંક્ષિપ્ત અને ન્યૂનતમ હોય : તે નિર્ણય પહેલાંની સુનાવણી હોઈ શકે છે અથવા નિર્ણય પછીની ઉપચારાત્મક સુનાવણી પણ હોઈ શકે છે. ઉપસ્થિત થઈ શકે તેવી વિવિધ પ્રકારની પરિસ્થિતિઓની તાકીદને અનુરૂપ ફેરફારો અને ભિન્નતાઓને સમાવવા માટે ઓડી અલ્ટરમ પાર્ટમનો નિયમ પૂરતો લવચીક છે....."

[45] ૧૯૪૯ ૧ ઓલ ઈ.આર. ૧૦૯

૩૮. શીર્ષકવાળા કેસમાં, રૂસ્તમ કાવસજી કૂપર વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[46] માં આ કોર્ટની બંધારણીય પીઠના ચુકાદાને ટાંકીને, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે મૂળભૂત અધિકારો કોઈ જળચુસ્ત ખાનાઓ નથી, કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:-

"વાજબીપણાનો સિદ્ધાંત, જે કાયદાકીય તેમજ દાર્શનિક રીતે સમાનતા અથવા બિન-મનસ્વીપણાનું એક આવશ્યક તત્વ છે, તે અનુચ્છેદ ૧૪ માં એક સર્વવ્યાપી અસ્તિત્વની જેમ વ્યાપેલો છે અને અનુચ્છેદ ૨૧ દ્વારા વિચારાયેલી પ્રક્રિયા અનુચ્છેદ ૧૪ સાથે સુસંગત રહેવા માટે વાજબીપણાની કસોટી પર ખરી ઉતરવી જોઈએ"

ભાર ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા મૂળભૂત અધિકારોના અર્થ અને વિષયવસ્તુને ક્ષીણ કરવાને બદલે સંવિધાનમાં ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોની પહોંચ અને ક્ષેત્રને વિસ્તૃત કરવાના કોર્ટના પ્રયાસ પર હતો. એ.કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ[47] ના કેસમાં ન્યાયમૂર્તિ ફઝલ અલી દ્વારા આપવામા આવેલા લઘુમતી ચુકાદા પર આધાર રાખીને, આ કોર્ટે મેનકા ગાંધીના કેસ (ઉપરોક્ત) માં આગળ એવું ઠેરવ્યું કે અનુચ્છેદ ૨૧ હેઠળ નિર્ધારિત કરવી જરૂરી પ્રક્રિયામાં ચાર અનિવાર્ય બાબતો સમાવિષ્ટ હોવી જોઈએ, અર્થાત્ નોટિસ, સુનાવણીની તક, નિષ્પક્ષ ટ્રિબ્યુનલ અને પ્રક્રિયાનો સામાન્ય ક્રમ. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે સૈદ્ધાંતિક

[46] (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮
[47] ૧૯૫૦ એસ.સી.સી. ૨૨૮

રીતે પણ, અનુચ્છેદ ૨૧ પર અનુચ્છેદ ૧૪ ની અસરને ધ્યાનમાં લેતાં, અનુચ્છેદ ૨૧ દ્વારા વિચારાયેલી પ્રક્રિયામાં વાજબીપણાનો ખ્યાલ પ્રતિબિંબિત થવો જ જોઈએ.

૩૯. દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરુદ્ધ ડી.ટી.સી. મઝદૂર કોંગ્રેસ એન્ડ અધર્સ[48] માં, આ કોર્ટની પાંચ ન્યાયમૂર્તિઓની બંધારણીય પીઠે નીચેના શબ્દોમાં પ્રકાશ પાડ્યો હતો કે ખાતાકીય તપાસમાં કર્મચારીને પોતાનો પક્ષ રજૂ કરવાની વાજબી તક પૂરી પાડવી કેટલી અનિવાર્ય છે અને નિયોક્તા માટે કુદરતી ન્યાય તથા યોગ્ય વ્યવહારના સિદ્ધાંતોનું પાલન કરવાની જરૂરિયાત કેટલી અનિવાર્ય છે :

"૨૦૨. .....હવે એ સુસ્થાપિત થયેલ છે કે 'ઓડી અલ્ટરમ પાર્ટમ' નો નિયમ, જે અનિવાર્યપણે સંવિધાનના અનુચ્છેદ ૧૪ માં રહેલા સમાનતાના ખંડનો અમલ કરાવે છે, તે માત્ર અર્ધન્યાયિક હુકમોને જ નહીં પરંતુ સંબંધિત પક્ષકારને પ્રતિકૂળ અસર કરતા વહીવટી હુકમોને પણ લાગુ પડે છે, સિવાય કે એક્ટ અથવા વિનિયમ અથવા નિયમ દ્વારા સદર નિયમના અમલને સ્પષ્ટપણે બાકાત રાખવામાં આવ્યો હોય, જેવો કિસ્સો અહીં નથી. કુદરતી ન્યાયના નિયમો એ નિયમો અને વિનિયમોનું સ્થાન લેતા નથી પરંતુ તેની પૂર્તિ કરે છે. તદુપરાંત, કાયદાનું શાસન કે જે આપણા સંવિધાનમાં વ્યાપેલું છે, તે માંગ કરે છે કે તેનું સારભૂત રીતે તેમજ પ્રક્રિયાગત રીતે પાલન થવું જોઈએ..... કાયદાનું શાસન એ

[48] (૧૯૯૧) સપ્લીમેન્ટ (૧) એસ.સી.સી. ૬૦૦

પ્રતિપાદિત કરે છે કે સત્તાનો ઉપયોગ એવી રીતે થવો જોઈએ જે ન્યાયી, યોગ્ય અને વાજબી હોય અને એવી અવાજબી, લહેરી કે મનસ્વી રીતે ન હોય કે જેથી ભેદભાવ માટે અવકાશ રહે..... [ભારપૂર્વક ઉમેરેલ]

... ...

૩૧૬. આમ એવું ઠેરવી શકાય કે અનુચ્છેદ ૧૬(૧) સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૧૪ એ કુદરતી ન્યાયના સિદ્ધાંતો સાથે સુસંગત એવી સમાનતા અથવા સમાન વ્યવહારનો અધિકાર પ્રદાન કરે છે. નિયોક્તા, વૈધાનિક નિગમ અથવા અનુચ્છેદ ૧૨ હેઠળના સાધન દ્વારા બનાવવામાં આવેલો કોઈપણ કાયદો અથવા લેવાયેલું પગલું વાજબી, ન્યાયી અને યોગ્ય હોવું જોઈએ. ન્યાયી વ્યવહારનો અધિકાર એ કુદરતી ન્યાયનું એક આવશ્યક અંતર્ગત અંગ છે. બેલગામ અને દિશાવિહીન વિવેકાધીન સત્તાનો ઉપયોગ નાગરિકના અધિકાર પર તરાપ મારે છે; વિવેકાધિકાર સોંપવો એ ખોટું નથી, શરત એટલી કે તેનો ઉપયોગ હેતુપૂર્વક, વિવેકપૂર્ણ રીતે અને પૂર્વગ્રહ વિના કરવામાં આવે. વિવેકાધિકાર જેટલો વ્યાપક હશે, તેના દુરુપયોગની શક્યતાઓ તેટલી જ વધુ રહેશે. સંપૂર્ણ વિવેકાધિકાર એ મનુષ્યની અન્ય શોધો કરતાં સ્વતંત્રતા માટે વધુ વિનાશક છે. સંપૂર્ણ વિવેકાધિકાર એ સ્વતંત્રતાના અંતની શરૂઆત સૂચવે છે. કાયમી કર્મચારીને બરતરફ કરવાની સંપૂર્ણ સત્તા આપવી એ ન્યાયીપણા અથવા વાજબી વ્યવહારથી તદ્દન વિપરીત છે. લક્ષ્યથી ભટકીને વિવેકાધીન સત્તાનો ઉપયોગ મનસ્વી, અવાજબી અથવા અન્યાયી પગલાંઓને જન્મ આપશે અને તે તર્ક અને

ન્યાય સાથે સુસંગત રહેશે નહીં. કાયદા, વિનિયમો અથવા નિયમોની જોગવાઈઓ કે જે નિયોક્તા અથવા સંચાલક મંડળને કર્મચારીને બરતરફ કરવા, દૂર કરવા અથવા તેના હોદ્દામાં ઘટાડો કરવાની સત્તા આપે છે, તે ન્યાયી, વાજબી અને યોગ્ય પ્રક્રિયા સાથે સુસંગત હોવી જોઈએ. વધુમાં, એવું ઠેરવવામાં આવશે કે જાહેર રોજગારનો અધિકાર, કે જેમાં કર્મચારી નિયમો અનુસાર વયનિવૃત્ત થાય અથવા ફરજિયાત નિવૃત્ત થાય અથવા કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર વિધિવત સેવામાંથી મુક્ત થાય ત્યાં સુધી જાહેર રોજગારમાં સતત ચાલુ રહેવાના અધિકારનો સમાવેશ થાય છે, તે આજીવિકાના અધિકારનો એક અભિન્ન ભાગ છે જે બદલામાં સંવિધાનના અનુચ્છેદ ૨૧ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલા જીવનના અધિકારનું એક અભિન્ન પાસું છે. આજીવિકાના આવા અધિકારથી અથવા સતત રોજગારથી વંચિત રાખવા માટે નિર્ધારિત કોઈપણ પ્રક્રિયા ન્યાયી, વાજબી અને યોગ્ય પ્રક્રિયા હોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો જાહેર રોજગારમાં રહેલા કર્મચારીને પણ મનસ્વી રીતે, અન્યાયી રીતે અને અવાજબી રીતે તેની આજીવિકાથી વંચિત કરી શકાય નહીં, જે આજીવિકા જ્યાં સુધી ન્યાયી, વાજબી અને યોગ્ય પ્રક્રિયા અનુસાર સમાપ્ત કરવામાં ન આવે ત્યાં સુધી સતત રોજગારમાં સુનિશ્ચિત કરવામાં આવી છે. અન્યથા તેનું ઉલ્લંઘન કરતો કોઈપણ કાયદો કે નિયમ રદબાતલ છે." [ભારપૂર્વક ઉમેરેલ]

૪૦. કુદરતી ન્યાયના સિદ્ધાંતોને સંવિધાનમાં આત્મસાત કરવાની પૃષ્ઠભૂમિમાં પ્રક્રિયાગત વાજબીપણા દ્વારા ભજવવામાં આવેલી મહત્ત્વપૂર્ણ

ભૂમિકાને વધારે પડતી આંકી શકાય નહીં. આ પાસા પર માધ્યમમ બ્રોડકાસ્ટિંગ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા એન્ડ અધર્સ[49] માં આ કોર્ટની એક વિભાગીય પીઠ દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેના અમારામાંથી એક સભ્ય [ન્યાયમૂર્તિ હિમા કોહલી] હતા. પીઠ વતી બોલતાં, મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડે જણાવ્યું હતું :

"૫૩. કુદરતી ન્યાયના બંધારણીયકરણના પરિણામે મેનકા ગાંધી (ઉપરોક્ત) માં આ કોર્ટના ચુકાદાએ પ્રક્રિયાગત વાજબીપણા પર બે સૈદ્ધાંતિક પરિવર્તનોનું નેતૃત્વ કર્યું હતું. પ્રથમ, પ્રક્રિયાગત વાજબીપણાને હવે માત્ર ન્યાયી પરિણામ પ્રાપ્ત કરવાના સાધન તરીકે નહીં પરંતુ એક એવી આવશ્યકતા તરીકે જોવામાં આવે છે જે પોતાનામાં જ એક અંતર્ગત મૂલ્ય ધરાવે છે. આ પરિવર્તનને ધ્યાનમાં લેતાં, તે પ્રક્રિયાથી કેસના પરિણામ પર પ્રતિકૂળ અસર પડી હોત કે કેમ માત્ર તેના આધારે જ પ્રક્રિયાગત ઉલ્લંઘનોનું મૂલ્યાંકન કરવાથી અદાલતો હવે અટકાયેલી છે. તેના બદલે, પરિણામથી સ્વતંત્ર રીતે, અનુસરવામાં આવેલી પ્રક્રિયા ન્યાયી અને વાજબી પ્રક્રિયાના અધિકારનું ઉલ્લંઘન કરે છે કે કેમ તે અદાલતોએ નક્કી કરવાનું રહેશે. આ વિચારસરણીના અનુપાલનમાં, અદાલતોએ કાયદાને પ્રક્રિયાગત આધારો પર ગેરબંધારણીય જાહેર થવાથી બચાવવા માટે કાયદામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું અર્થઘટન કરીને તેને સમાવિષ્ટ કર્યા છે. બીજું, કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રક્રિયામાં વાજબીપણાનો પ્રાણ પૂરે છે. કુદરતી ન્યાયના સિદ્ધાંતો સ્થિર નથી પરંતુ સંજોગો અનુસાર ઢાળી શકાય તેવા છે તેવી

[49] (૨૦૨૩) એસ.સી.સી. ઓનલાઇન ૩૬૬

દલીલનો પ્રત્યુત્તર આપતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે કુદરતી ન્યાયનું મૂળ તત્વ વાજબી પ્રક્રિયાની ખાતરી આપે છે, જે અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ માં દ્રઢપણે સ્થાપિત બંધારણીય જરૂરિયાત છે. ઓડી અલ્ટરમ પાર્ટમનું પાસું નોટિસ, નોટિસની વિગતો, તપાસ અહેવાલો અને અવલોકન માટે ઉપલબ્ધ સામગ્રીના ઘટકોને આવરી લે છે. પરિસ્થિતિગત ફેરફારો માન્ય હોવા છતાં, પરિસ્થિતિની જરૂરિયાતોને અનુરૂપ કુદરતી ન્યાયના નિયમોમાં એટલી હદે ફેરફાર કરી શકાય નહીં કે સિદ્ધાંતના મૂળ તત્વનો જ લોપ થઈ જાય, કારણ કે આ મૂળ તત્વ જ પ્રક્રિયાગત વાજબીપણાનો સંચાર કરે છે. ન્યાયનિર્ણયકારી સત્તાધિકારી દ્વારા અનુસરવામાં આવેલી (અથવા ન અનુસરવામાં આવેલી) પ્રક્રિયા, વાસ્તવમાં, ન્યાયી અને વાજબી સુનાવણીના અધિકારના મૂળ તત્વનું ઉલ્લંઘન કરે છે તે સાબિત કરવાનો બોજો અરજદાર પર રહે છે." - [ભારપૂર્વક જણાવેલ]

૪૧. એ.કે. ક્રાઇપાક એન્ડ અધર્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા એન્ડ અધર્સ[50] માં ઇન રી: એચ.કે. (એન ઇન્ફન્ટ)[51] ના ચુકાદાને માન્યતા સાથે ટાંકતાં, આ કોર્ટે ઠેરવેલ કે :

"૨૦. કુદરતી ન્યાયના નિયમોનો હેતુ ન્યાય સુનિશ્ચિત કરવાનો અથવા નકારાત્મક રીતે કહીએ તો ન્યાયની નિષ્ફળતા અટકાવવાનો છે. આ નિયમો માત્ર એવા ક્ષેત્રોમાં જ કાર્ય કરી શકે છે જે કાયદેસર રીતે ઘડવામાં આવેલા કોઈપણ કાયદા દ્વારા આવરી લેવાયેલા ન હોય. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ

[50] (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૨૬૨
[51] (૧૯૬૭) ૧ ઓલ ઇ.આર. ૨૨૬

દેશના કાયદાનું સ્થાન લેતા નથી પરંતુ તેની પૂર્તિ કરે છે. તાજેતરના વર્ષોમાં કુદરતી ન્યાયના ખ્યાલમાં મોટો ફેરફાર થયો છે. ભૂતકાળમાં એવું માનવામાં આવતું હતું કે તેમાં માત્ર બે નિયમોનો સમાવેશ થાય છે, એટલે કે: (૧) કોઈ પણ પોતાના જ કેસમાં ન્યાયાધીશ હોઈ શકે નહીં (નેમો ડેબેટ એસે જુડેક્સ પ્રોપ્રિયા કોઝા) અને (૨) કોઈ પક્ષકારને વાજબી સુનાવણી પૂરી પાડ્યા વિના તેની વિરુદ્ધ કોઈ નિર્ણય આપી શકાશે નહીં (ઓડી અલ્ટરમ પાર્ટમ). ત્યારપછી તરત જ ત્રીજા નિયમની કલ્પના કરવામાં આવી હતી અને તે એ છે કે અર્ધન્યાયિક તપાસ શુદ્ધ બુદ્ધિપૂર્વક, પૂર્વગ્રહ વિના અને મનસ્વી કે અવાજબી રીતે નહીં પણ યોગ્ય રીતે થવી જોઈએ. પરંતુ વર્ષોના સમયગાળા દરમિયાન કુદરતી ન્યાયના નિયમોમાં ઘણા વધુ ગૌણ નિયમો ઉમેરાયા. ખૂબ તાજેતરના સમય સુધી અદાલતોનો એવો અભિપ્રાય હતો કે જ્યાં સુધી સંબંધિત સત્તાધિકારી જે કાયદા હેઠળ કાર્ય કરે છે તેના દ્વારા ન્યાયિક રીતે કાર્ય કરવાની અપેક્ષા રાખવામાં ન આવી હોય ત્યાં સુધી કુદરતી ન્યાયના નિયમો લાગુ કરવા માટે કોઈ અવકાશ નહોતો. તે મર્યાદાની કાયદેસરતા સામે હવે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. જો કુદરતી ન્યાયના નિયમોનો હેતુ ન્યાયની નિષ્ફળતા અટકાવવાનો હોય તો તે નિયમો વહીવટી તપાસને શા માટે લાગુ ન થવા જોઈએ તે સમજાતું નથી. ઘણી વખત વહીવટી તપાસને અર્ધન્યાયિક તપાસથી અલગ પાડતી ભેદરેખા દોરવી સરળ હોતી નથી. જે તપાસોને એક સમયે વહીવટી ગણવામાં આવતી હતી તેને હવે અર્ધન્યાયિક સ્વરૂપની ગણવામાં આવી રહી છે. ન્યાયી નિર્ણય પર પહોંચવું એ અર્ધન્યાયિક તપાસ તેમજ વહીવટી તપાસ બંનેનો હેતુ છે. વહીવટી તપાસમાં લેવાયેલો

અન્યાયી નિર્ણય અર્ધન્યાયિક તપાસના નિર્ણય કરતાં વધુ દૂરગામી અસર કરી શકે છે.....” - [ભારપૂર્વક જણાવેલ]

આઇ. સેવા વિષયક ન્યાયશાસ્ત્રમાં ન્યાયી કાર્યવાહી અને નિષ્પક્ષતા :

૪૨. સેવા કાયદાના સંદર્ભમાં, તેથી, કોઈ હુકમ પસાર કરતાં પહેલાં સરકારી સેવક અથવા કર્મચારીને સાંભળવાની વાજબી તક આપવી ફરજિયાત છે. માંગીલાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી.[52] માં, આ કોર્ટે જાહેર કર્યું હતું કે જો કાયદો મૌન હોય અને સદર એક્ટ અથવા તે હેઠળ બનાવેલા નિયમોમાં કોઈ સ્પષ્ટ શબ્દો ન હોય તો પણ, કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન થવું જ જોઈએ. કોર્ટે આ મુજબ ઠેરવેલ છે:

“૧૦....જ્યાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોના પાલન અંગે કાયદો મૌન હોય, ત્યાં જ્યાં પક્ષકારોના નોંધપાત્ર અધિકારો પર ખાસ્સી અસર થતી હોય ત્યાં આવું વૈધાનિક મૌન કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન ગર્ભિત રીતે સૂચવે છે. જ્યાં સુધી કાયદાના સ્પષ્ટ શબ્દો દ્વારા અથવા અનિવાર્ય આશય દ્વારા તેને બાકાત રાખવામાં ન આવ્યા હોય ત્યાં સુધી કુદરતી ન્યાયનો અમલ અનુમાનિત બને છે. (જુઓ સ્વદેશી કોટન મિલ્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[53]) તેનો ઉદ્દેશ્ય ન્યાય સુનિશ્ચિત કરવાનો અથવા ન્યાયની નિષ્ફળતા અટકાવવાનો છે. કુદરતી ન્યાયના સિદ્ધાંતો કાયદાનું સ્થાન લેતા નથી, પરંતુ તેની પૂર્તિ કરે છે. આ નિયમો માત્ર

[52] (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૪૪૭
[53] (૧૯૮૧) ૧ એસ.સી.સી. ૬૬૪

એવા ક્ષેત્રોમાં જ કાર્ય કરે છે જે કાયદેસર રીતે ઘડવામાં આવેલા કોઈપણ કાયદા દ્વારા આવરી લેવાયેલા ન હોય. તેઓ પરિણામ પ્રાપ્ત કરવાનું એક સાધન છે, સ્વયં પરિણામ નથી....."

૪૩. તુલસીરામ પટેલના કેસ (ઉપરોક્ત) માં, એવું અવલોકન કરતાં કે કુદરતી ન્યાયના નિયમોનું ઉલ્લંઘન મનસ્વીપણામાં પરિણમશે જે ભેદભાવ સમાન બનશે, બંધારણીય પીઠે નીચે મુજબના અવલોકનો કર્યા હતા :

"૯૫. આ કોર્ટ દ્વારા સમાનતાના ખ્યાલને આપવામાં આવેલા નવા અને ગતિશીલ અર્થઘટનના કારણે કુદરતી ન્યાયના સિદ્ધાંતો આ રીતે અનુચ્છેદ ૧૪ માં સમાવિષ્ટ ખાતરીના એક ભાગ તરીકે માન્યતા પામ્યા છે, જે સમાનતા સદર અનુચ્છેદનો વિષય છે. ટૂંકમાં કહીએ તો, તર્કસંગતિ આ પ્રમાણે ચાલે છે: કુદરતી ન્યાયના નિયમનું ઉલ્લંઘન મનસ્વીપણામાં પરિણમે છે જે ભેદભાવ સમાન છે; જ્યાં ભેદભાવ એ રાજ્યની કાર્યવાહીનું પરિણામ હોય, ત્યાં તે અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન છે: તેથી, રાજ્યની કાર્યવાહી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતનું ઉલ્લંઘન એ અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન છે. જો કે, અનુચ્છેદ ૧૪ એ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો એકમાત્ર ભંડાર નથી. તે માત્ર એટલી ખાતરી આપે છે કે તેનું ઉલ્લંઘન કરનારા કોઈપણ કાયદા અથવા રાજ્યના પગલાંને રદબાતલ કરવામાં આવશે. કુદરતી ન્યાયના સિદ્ધાંતો માત્ર કાયદા ઘડતર અને રાજ્યની કાર્યવાહીને જ લાગુ પડતા નથી પરંતુ જ્યાં કોઈપણ ટ્રિબ્યુનલ, સત્તાધિકારી અથવા વ્યક્તિઓનું મંડળ, જે અનુચ્છેદ ૧૨ માં રાજ્યની વ્યાખ્યા હેઠળ ન આવતું હોય, તેને કોઈ

બાબતનો નિર્ણય કરવાની ફરજ સોંપવામાં આવી હોય ત્યાં પણ લાગુ પડે છે. આવા કિસ્સામાં, કુદરતી ન્યાયના સિદ્ધાંતો અપેક્ષા રાખે છે કે તેણે આવી બાબતનો નિર્ણય ન્યાયી અને નિષ્પક્ષ રીતે કરવો જોઈએ.

૯૬. આ અપીલો અને રિટ અરજીઓમાં આપણે જેની સાથે સંબંધ ધરાવીએ છીએ તે કુદરતી ન્યાયનો નિયમ, એટલે કે ઓડી અલ્ટરમ પાર્ટમનો નિયમ, તેના પૂર્ણતમ વ્યાપમાં એવો અર્થ ધરાવે છે કે જે વ્યક્તિ વિરુદ્ધ તેના હિતને પ્રતિકૂળ અસર કરતો હુકમ પસાર થઈ શકે તેમ હોય તેને તેની સામેના આરોપો અને આક્ષેપો વિશે માહિતગાર કરવામાં આવે, તે અંગે પોતાનો ખુલાસો રજૂ કરવાની તક આપવામાં આવે, જે પુરાવાના આધારે તેની વિરુદ્ધ બાબતનો નિર્ણય કરવાનો પ્રસ્તાવ છે તેવા મૌખિક કે દસ્તાવેજી બંને પ્રકારના પુરાવા જાણવાનો અધિકાર હોય, અને તેની સામે ઉપયોગમાં લેવાના હેતુથી જેના પર આધાર રાખવામાં આવ્યો હોય તેવા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવાનો, તેની વિરુદ્ધ જુબાની આપનારા સાક્ષીઓની પોતાની હાજરીમાં તપાસ કરાવવાનો અને તેમની ઉલટતપાસ કરવાનો, તથા પોતાના બચાવમાં મૌખિક અને દસ્તાવેજી બંને પ્રકારના પોતાના પુરાવા રજૂ કરવાનો અધિકાર હોય. જો કે, ન્યાયી સુનાવણીની પ્રક્રિયા અદાલતની ન્યાયિક પ્રક્રિયા સાથે સંપૂર્ણપણે સુસંગત હોવી જરૂરી નથી, કારણ કે કેસોના ન્યાયિક નિર્ણયમાં પ્રક્રિયા અને પુરાવાના સંખ્યાબંધ તકનીકી નિયમો સામેલ હોય છે જે અર્ધન્યાયિંક અથવા વહીવટી તપાસમા ઓડી અલ્ટરમ પાર્ટમના નિયમના અર્થ હેઠળ ન્યાયી સુનાવણીના હેતુ માટે બિનજરૂરી છે અને

તેની જરૂર હોતી નથી. જો આપણે ઉપર જણાવેલી બાબતોના પ્રકાશમાં અનુચ્છેદ ૩૧૧ ના ખંડ (૨) ને જોઈએ, તો એ સ્પષ્ટ થશે કે તે ખંડ એ ઓડી અલ્ટરમ પાર્ટમના નિયમનું માત્ર એક સ્પષ્ટ વિધાન છે, જેને આ કોર્ટના તાજેતરના નિર્ણયો દ્વારા તે અનુચ્છેદ પર કરવામાં આવેલા અર્થઘટનના પરિણામે અનુચ્છેદ ૧૪ માં સમાવિષ્ટ ખાતરીનો ગર્ભિત ભાગ બનાવવામાં આવ્યો છે. અનુચ્છેદ ૩૧૧ નો ખંડ (૨) એવી અપેક્ષા રાખે છે કે કોઈ સરકારી કર્મચારીને બરતરફ કરવામાં આવે, દૂર કરવામાં આવે અથવા તેના હોદ્દામાં ઘટાડો કરવામાં આવે તે પહેલાં, એક તપાસ યોજવી જોઈએ જેમાં તેને તેની સામેના આરોપો વિશે જાણ કરવામાં આવે અને તે આરોપોના સંબંધમાં તેને સાંભળવાની વાજબી તક આપવામાં આવે....." - [ભારપૂર્વક જણાવેલ]

તે જ સમયે, સદર કેસમાં સાવચેતીની એક નોંધ ઉમેરવામાં આવી હતી અને કોર્ટે અવલોકન કર્યું હતું કે કુદરતી ન્યાયના નિયમો ન તો કોઈ વૈધાનિક નિયમો છે કે ન તો પથ્થર પર કંડારેલા છે. તેઓ લવચીક છે અને વિવિધ પરિસ્થિતિઓની તાકીદ, કેસની હકીકતો અને સંજોગો તથા કાયદાના માળખા પર આધાર રાખીને કાયદાઓ દ્વારા તેને અનુકૂળ અને સંશોધિત કરી શકાય છે[54].

[54] આ પણ જુઓ: એ. કે. ક્રેપાક અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૨૬૨

૪૪. સ્વદેશી કોટન મિલ્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[55] માં, પોતાના અસંમતિભર્યા ચુકાદામાં, ન્યાયમૂર્તિ ઓ. ચિન્નપ્પા રેડ્ડીએ નીચે મુજબના પ્રસ્તુત અવલોકનો કર્યા હતા :-

"૧૦૬. ડૉ. બીનાપાણી[56], એ.કે. કાઈપાક[57], મોહિન્દર સિંહ ગિલ[58], મેનકા ગાંધી[59] દ્વારા પોષિત કુદરતી ન્યાયના સિદ્ધાંતોએ આપણા લોકોની ન્યાયિક અંતઃચેતનામાં ઊંડા મૂળ જમાવ્યા છે. તેઓ હવે એટલા મૂળભૂત માનવામાં આવે છે કે તેઓ "સુવ્યવસ્થિત સ્વતંત્રતાના ખ્યાલમાં ગર્ભિત છે અને તેથી, દરેક નિર્ણય લેવાની પ્રક્રિયામાં ગર્ભિત છે, પછી ભલે તેને ન્યાયિક, અર્ધન્યાયિક કે વહીવટી કહો. જ્યાં સત્તાધિકારી કોઈ કાયદા હેઠળ કાર્ય કરે છે અને કાયદો કોઈ ચોક્કસ રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના પાલન માટે જોગવાઈ કરે છે, ત્યાં કુદરતી ન્યાયનું તે જ રીતે પાલન કરવું પડશે અને અન્ય કોઈ રીતે નહીં. કાયદા દ્વારા પ્રદાન કરવામાં આવેલા અધિકાર કરતાં વધુ વ્યાપક અધિકારનો દાવો કરી શકાતો નથી કે ન તો તે અધિકારને સંકુચિત કરી શકાય છે. જ્યાં કાયદો કુદરતી ન્યાયના સિદ્ધાંતોના પાલન અંગે મૌન હોય, ત્યાં આવા વૈધાનિક મૌનનો અર્થ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન ગર્ભિત હોવાનું માનવામાં આવે છે. કુદરતી ન્યાયનું ગર્ભિત હોવું અનુમાનિત હોવાના કારણે તેને કાયદાના સ્પષ્ટ શબ્દો દ્વારા અથવા અનિવાર્ય આશય દ્વારા બાકાત કરી શકાય છે. જ્યાં જાહેર હિત અને

[55] (૧૯૮૧) ૧ એસ.સી.સી. ૬૬૪
[56] એ.આઈ.આર. ૧૯૬૭ એસ.સી. ૧૨૬૯
[57] (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૨૬૨
[58] (૧૯૭૮) ૧ એસ.સી.સી. ૪૦૫
[59] (૧૯૭૮) ૧ એસ.સી.સી. ૨૪૮

ખાનગી હિત વચ્ચે સંઘર્ષ હોય, ત્યાં અનુમાન અનિવાર્યપણે નબળું હોવું જોઈએ અને તેથી તેને સહેલાઈથી બાજુ પર મૂકી શકાય છે....." - [ભારપૂર્વક જણાવેલ]

૪૫. આમ, સામાન્ય રીતે, અદાલતો એ પૂર્વધારણા પર કુદરતી ન્યાયના ઉપરોક્ત સિદ્ધાંતો સાથે તાલમેળ સાધીને વૈધાનિક જોગવાઈઓનું અર્થઘટન કરે છે કે કોઈ વૈધાનિક સત્તાધિકારી સંવિધાનમાં પ્રસ્થાપિત મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરશે નહીં. જ્યારે ન્યાયિક અને અર્ધન્યાયિક કાર્યો બજાવવાની અપેક્ષા હોય તેવા સત્તાધિકારીઓની વાત આવે છે, ત્યારે ઓડી અલ્ટરમ પાર્ટમનો નિયમ સમાન તાકાત સાથે લાગુ પડે છે. વાજબીપણું પ્રક્રિયાગત બાબતોમાં પ્રાણ પૂરે છે, પછી ભલે તે નોટિસના તત્વો હોય, નોટિસની વિગતો હોય, તપાસનો વ્યાપ હોય, ઉપલબ્ધ સામગ્રી હોય કે આવી સામગ્રીનું ખંડન કરવાની પર્યાપ્ત તક હોય. આ બધું કોઈપણ તબક્કે ન્યાયની નિષ્ફળતા અટકાવવા માટે છે. અલબત્ત, આ પરિવર્તનશીલ છે અને કેસની આપેલ હકીકતોમાં પરિસ્થિતિની માંગ અનુસાર અનુકૂલન સાધવાને આધીન છે.

જે. વૈધાનિક શાસન

(એ) ગોવા યુનિવર્સિટી સ્ટેચ્યુટ

૪૬. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, હવે અમે હાલના અપીલકર્તાની સેવાની શરતોનું સંચાલન કરતા સંબંધિત નિયમોની તપાસ કરવા આગળ વધી શકીએ છીએ. સામાવાળા નં. ૨ – યુનિવર્સિટીમાં નોકરી કરતા શિક્ષકોના સંબંધમાં

વૈધાનિક વ્યવસ્થા ગોવા યુનિવર્સિટી સ્ટેચ્યુટ એસએસબી-૧ (૨૬) દ્વારા સંચાલિત થાય છે. સદર સ્ટેચ્યુટનું એસસી-૬(૧) નીચે મુજબ જોગવાઈ કરે છે:—

"શિસ્તભંગની અને ખાતાકીય કાર્યવાહી માટે, ગોવા સરકારના કર્મચારીઓને લાગુ પડે છે તે મુજબ શિક્ષકો સીસીએસ (સીસીએ) રુલ્સ, ૧૯૬૫, ફંડામેન્ટલ રુલ્સ અને સપ્લિમેન્ટરી રુલ્સ હેઠળ સંચાલિત થશે."

(બી) સીસીએસ (સીસીએ) રુલ્સ :

૪૭. ઉપર ઉલ્લેખિત સીસીએસ (સીસીએ) રુલ્સ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુક અને અનુચ્છેદ ૧૪૮ ની કલમ ૫ દ્વારા પ્રદત્ત સત્તાઓનો ઉપયોગ કરીને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ઘડવામાં આવ્યા છે. સીસીએસ (સીસીએ) રુલ્સનો ભાગ-૬ શાસ્તિઓ લાદવા માટેની પ્રક્રિયાઓ નિર્ધારિત કરે છે. નિયમ ૩(સી) તારીખ ૭મી માર્ચ, ૧૯૯૮ ના જીએસઆર ૪૯ દ્વારા અને ત્યારબાદ, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૧૪ ના જીએસઆર ૮૨૩ (ઈ) દ્વારા સીસીએસ (સીસીએ) રુલ્સમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. સદર જોગવાઈ નીચે મુજબ જણાવે છે:—

"૩સી. કામકાજી મહિલાઓની જાતીય સતામણીની મનાઈ

(૧) કોઈપણ સરકારી કર્મચારી કોઈપણ કાર્યસ્થળ પર કોઈપણ મહિલાની જાતીય સતામણીના કોઈપણ કૃત્યમાં સંડોવાશે નહીં.

(૨) કોઈપણ કાર્યસ્થળનો હવાલો ધરાવતો પ્રત્યેક સરકારી કર્મચારી તે કાર્યસ્થળ પર કોઈપણ મહિલાની જાતીય સતામણી અટકાવવા માટે યોગ્ય પગલાં લેશે.

સ્પષ્ટીકરણ – (૧) આ નિયમના હેતુ માટે –

(એ) "જાતીય સતામણી" માં નીચેના પૈકી કોઈપણ એક અથવા વધુ કૃત્યો અથવા વર્તનનો સમાવેશ થાય છે (પછી તે પ્રત્યક્ષ હોય કે ગર્ભિત રીતે), એટલે કે –

(૧) શારીરિક સંપર્ક અને અયોગ્ય ચેષ્ટાઓ; અથવા

(૨) જાતીય તરફેણ માટેની માંગણી અથવા વિનંતી; અથવા

(૩) જાતીય રંગ ધરાવતી ટિપ્પણીઓ કરવી; અથવા

(૪) પોર્નોગ્રાફી દર્શાવવી; અથવા

(૫) જાતીય પ્રકૃતિનું કોઈપણ અન્ય અણગમતું શારીરિક, મૌખિક અથવા અમૌખિક વર્તન."

(સી) "શક્ય હોય તેટલે અંશે" ના નિયમનો વ્યવહારુ અમલ

૪૮. સીસીએસ (સીસીએ) રુલ્સનો નિયમ ૧૪ મોટી શાસ્તિઓ લાદવા માટેની પ્રક્રિયા નિર્ધારિત કરે છે અને તે નીચે ઉદ્ધૃત કરવામાં આવેલ છે:

“૧૪. મોટી શાસ્તિઓ લાદવા માટેની પ્રક્રિયા

(૧) નિયમ ૧૧ ની કલમો (૫) થી (૯) માં નિર્દિષ્ટ કોઈપણ શાસ્તિ લાદતો કોઈ હુકમ, આ નિયમ અને નિયમ ૧૫ માં પૂરી પાડવામાં આવેલી રીતે, શક્ય હોય તેટલે અંશે, તપાસ હાથ ધર્યા પછી અથવા જ્યાં આવી તપાસ પબ્લિક સર્વન્ટ્સ એક્ટ, ૧૮૫૦ (૧૮૫૦ નો ૩૭) હેઠળ હાથ ધરવામાં આવી હોય ત્યાં તે એક્ટ દ્વારા પૂરી પાડવામાં આવેલી રીતે હાથ ધર્યા પછી જ કરી શકાશે, અન્યથા નહીં.

(૨) જ્યારે પણ શિસ્ત સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે કોઈ સરકારી કર્મચારી સામે ગેરવર્તણૂક અથવા દુરાચારના કોઈપણ આક્ષેપની સત્યતાની તપાસ કરવા માટેના કારણો છે, ત્યારે તે પોતે તપાસ કરી શકે છે, અથવા આ નિયમ હેઠળ કે પબ્લિક સર્વન્ટ્સ એક્ટ, ૧૮૫૦ ની જોગવાઈઓ હેઠળ, જે પણ સ્થિતિ હોય તે મુજબ, તેની સત્યતાની તપાસ કરવા માટે કોઈ સત્તાધિકારીની નિમણૂક કરી શકે છે

પરંતુ જ્યાં સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ) રુલ્સ, ૧૯૬૪ ના નિયમ ૩સી ના અર્થમાં જાતીય સતામણીની ફરિયાદ હોય, ત્યાં આવી ફરિયાદોની તપાસ કરવા માટે દરેક મંત્રાલય અથવા વિભાગ અથવા કચેરીમાં સ્થપાયેલી ફરિયાદ સમિતિ, આ નિયમોના હેતુ માટે શિસ્ત સત્તાધિકારી દ્વારા નિમાયેલ તપાસ સત્તાધિકારી ગણાશે અને જો જાતીય સતામણીની ફરિયાદોની તપાસ હાથ

ધરવા માટે ફરિયાદ સમિતિ માટે કોઈ અલગ પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી ન હોય, તો ફરિયાદ સમિતિ આ નિયમોમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર શક્ય હોય તેટલે અંશે તપાસ હાથ ધરશે." - [ભારપૂર્વક ઉમેરેલ]

૪૯. ઉપરોક્ત બાબત પરથી જોઈ શકાય છે તેમ, જ્યારે ગેરવર્તણૂક કાર્યસ્થળ પર જાતીય સતામણીની ફરિયાદ સાથે સંબંધિત હોય, ત્યારે આવી ફરિયાદની તપાસ કરવા માટે સામાવાળા નં. ૨ – યુનિવર્સિટી દ્વારા રચવામાં આવેલી ફરિયાદ સમિતિ તપાસ સત્તાધિકારીની ભૂમિકા ધારણ કરે છે અને તેની પાસેથી, શક્ય હોય તેટલે અંશે, નિયમોમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર તપાસ હાથ ધરવાની અપેક્ષા રાખવામાં આવે છે. "શક્ય હોય તેટલે અંશે" શબ્દપ્રયોગનો ઉપયોગ એ દર્શાવે છે કે કાર્યસ્થળ પર જાતીય સતામણી જેવા સંવેદનશીલ કેસમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો સાથે કોઈ સમાધાન કર્યા વિના, તપાસ હાથ ધરવા માટે વ્યવહારુ અને લવચીક હોય તેવી વાજબી પ્રક્રિયા અપનાવવા માટે ફરિયાદ સમિતિ પાસે પૂરતી મોકળાશ ઉપલબ્ધ છે. એ જણાવવાની જરૂર નથી કે દરેક કેસમાં તથ્યોની પરિસ્થિતિ ભિન્ન હશે અને તેથી આ પ્રકારની ફરિયાદોમાં તપાસ હાથ ધરવા માટે કોઈ ચોક્કસ ધોરણો અથવા માપદંડ નિર્ધારિત કરી શકાય નહીં. જોકે, તપાસના અંતે કસૂરવાર કર્મચારી પર આવી પડનારા ગંભીર પરિણામોને ધ્યાને લેતાં, અનુસરવા માટે જરૂરી એવી સ્થાપિત પ્રક્રિયાઓમાંથી કોઈપણ વિસંગતતા અથવા ગેરવાજબી વિચલન, અંતિમ પરિણામ ગમે તે આવે તેમ છતાં, કુદરતી ન્યાયના સિદ્ધાંતોના મૂળ પર પ્રહાર કરશે.

કે. “વિશાખા” કેસથી પોશ એક્ટ સુધીની સફર

(એ) વિશાખા માર્ગદર્શિકા : શૂન્યાવકાશ પૂરવો :

૪૮. સીસીએસ (સીસીએ) રુલ્સના નિયમ ૧૪(૨) માં સુધારો કરવાનો અને તેમાં એક પરંતુક ઉમેરવાનો પ્રસંગ વિશાખા (પૂર્વોક્ત) ના કેસમાં આ કોર્ટના ન્યાયિક હસ્તક્ષેપનું સીધું પરિણામ હતું, જ્યાં ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪, ૧૫, ૧૯(૧)(જી) અને ૨૧ હેઠળ પ્રદત્ત મહિલાઓના “જાતિગત સમાનતા અને જીવન તેમજ સ્વતંત્રતાના અધિકાર” ના મૂળભૂત અધિકારોનો અમલ કરાવવા માટે ત્રણ ન્યાયમૂર્તિઓની બેન્ચ દ્વારા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ નિહિત સત્તાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનના એક ગામમાં સામાજિક કાર્યકર પર થયેલા ઘાતકી સામૂહિક બળાત્કાર સામે અવાજ ઉઠાવતા કેટલાક સામાજિક કાર્યકરો અને બિનસરકારી સંગઠનો (એનજીઓ) દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજીઓના જૂથને એક વર્ગ કાર્યવાહી તરીકે ગણીને, આ કોર્ટે પ્રવર્તમાન કાયદામાં રહેલા શૂન્યાવકાશને પૂરવા તરફ કામ કર્યું હતું. વિશેષ કરીને કાર્યસ્થળો પર જાતીય સતામણી સામે, જાતિગત સમાનતાના મૂળભૂત માનવ અધિકારના અસરકારક અમલ અને જાતીય શોષણ સામે બાંહેધરી પૂરી પાડવા માટે ઘડવામાં આવેલા કોઈપણ કાયદાની ગેરહાજરી

નોંધીને, કોર્ટે અનુચ્છેદ ૧૫[60], અનુચ્છેદ ૪૨[61] અને અનુચ્છેદ ૫૧(એ)[62] સહિત ભારતના સંવિધાનની કેટલીક જોગવાઈઓમાંથી બળ મેળવ્યું અને સીઇડીએડબ્લ્યુ[63] ની સામાન્ય ભલામણો સહિતના સંબંધિત આંતરરાષ્ટ્રીય સંમેલનો અને ધોરણોની મદદથી, કે જેણે તારીખ ૨૫મી જૂન, ૧૯૯૩ ના રોજ કાર્યસ્થળ પર જાતીય સતામણીના નિવારણ માટે એક અસરકારક ફરિયાદ વ્યવસ્થા અમલમાં મૂકવાનો ઠરાવ પસાર કર્યો હતો, માર્ગદર્શિકા અને ધોરણોનો એક સમૂહ નિર્ધારિત કર્યો હતો જેમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો કે તમામ કાર્યસ્થળો પર તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે અને જ્યાં સુધી આ શૂન્યાવકાશ પૂરાય નહીં અને આ ક્ષેત્રને આવરી લેતો કાયદો ઘડવામાં ન આવે ત્યાં સુધી તે કાયદાની દ્રષ્ટિએ બંધનકર્તા અને અમલપાત્ર રહેશે. માર્ગદર્શિકામાં ફરિયાદોના સમયબદ્ધ નિકાલને સુનિશ્ચિત કરવા માટે ફરિયાદ વ્યવસ્થા ઊભી કરવાનો, ફરિયાદ સમિતિની રચના કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો અને જ્યાં આવું વર્તન 'સંબંધિત સેવા નિયમો દ્વારા વ્યાખ્યાયિત' નોકરીમાં ગેરવર્તણૂક સમાન હોય ત્યાં શિસ્તભંગના પગલાં લેવાની ભલામણ કરવામાં આવી હતી. વિશાખાના કેસ (પૂર્વોક્ત) માં આ ઐતિહાસિક ચુકાદો તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૭ ના રોજ આપવામાં આવ્યો હતો અને તારીખ ૨૨મી એપ્રિલ,

---

[60] અનુચ્છેદ ૧૫: રાજ્ય કોઈપણ નાગરિક સામે માત્ર ધર્મ, મૂળવંશ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ અથવા તેમાંના કોઈપણ કારણસર ભેદભાવ રાખશે નહીં.

[61] અનુચ્છેદ ૪૨: રાજ્ય કામની ન્યાયી અને માનવીય પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવા અને પ્રસૂતિ સહાય માટે જોગવાઈ કરશે.

[62] અનુચ્છેદ ૫૧(એ): (ઈ) ..... ભારતના પ્રત્યેક નાગરિકની એ ફરજ રહેશે કે, અન્ય બાબતો સાથે, સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડતી પ્રથાઓનો ત્યાગ કરવો.

[63] મહિલાઓ સામેના તમામ પ્રકારના ભેદભાવ નાબૂદી અંગેનું સંમેલન (સીડોવ - સીઇડીએડબલ્યુ)

૨૦૧૩ ના રોજ ધ સેક્સ્યુઅલ હેરાસમેન્ટ ઓફ વુમન એટ વર્કપ્લેસ એક્ટ, ૨૦૧૩[64] ઘડવામાં આવ્યો ત્યાં સુધી કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અમલમાં રહી હતી.

(બી) મેધા કોટવાલ લેલેનો કેસ : કન્ટીન્યુઇંગ મેન્ડેમસ દ્વારા ફોલો-અપ :

૪૯. વિશાખાના કેસ (પૂર્વોક્ત) પછી, મેધા કોટવાલ લેલે અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય[65] (પૂર્વોક્ત) નો કેસ આવ્યો, જ્યાં કેટલાક અરજદારો દ્વારા એવી ફરિયાદ કરવામાં આવી હતી કે આ કોર્ટ દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકા અનુસાર રચવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો તેવી ફરિયાદ સમિતિઓની સ્થાપના જાતીય સતામણીના કેસોનો સામનો કરવા માટે કરવામાં આવી ન હતી. સદર અરજીને જાહેર હિતની અરજી તરીકે ગણીને, ભારત સંઘ અને રાજ્ય સરકારો સહિતના કેટલાક પક્ષકારોને નોટિસો જારી કરવામાં આવી હતી અને નીચે મુજબના નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા:

> "૨.....વિશાખા કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા તેના ચુકાદાના એસ.સી.સી. ફકરા ૫૩ માં કલ્પના કરવામાં આવેલ ફરિયાદ સમિતિ, સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ) રુલ્સ, ૧૯૬૪ (જે હવે પછી સીસીએસ રુલ્સ તરીકે ઉલ્લેખિત છે) ના હેતુઓ માટે તપાસ સત્તાધિકારી ગણાશે અને ફરિયાદ સમિતિનો અહેવાલ સીસીએસ રુલ્સ હેઠળનો તપાસ અહેવાલ ગણાશે.

---

[64] સંક્ષિપ્તમાં 'પોશ એક્ટ'
[65] (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૩૧૧

ત્યારબાદ શિસ્ત સત્તાધિકારી નિયમો અનુસાર અહેવાલ પર કાર્યવાહી કરશે.”

ઇન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ રુલ્સમાં પણ આવો જ સુધારો કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

૫૦. તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૬ ના રોજ, મેધા કોટવાલ લેલે[66] ના એ જ કેસમાં, વિશાખાના કેસ (પૂર્વોક્ત) માં જારી કરાયેલા નિર્દેશોના અમલીકરણ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ ન હોવાનું નોંધીને, આ કોર્ટે નીચે મુજબના નિર્દેશો જારી કર્યા હતા:

